શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજી ગ્રંથમાળા: ગ્રંથાંક ૩૦

प्राचीन गुर्जर भाषामां जैन साहित्य.

आत्मशिक्षा.

સંગ્રાહક,

શાસ્ત્રવિશારદ જૈનાચાર્ય યોગનિષ્ઠ બુદ્ધિસાગરસૂરિજી.

પ્રગટ કર્તા,

ગુરૂણીજી મહારાજ પરશનશ્રીજીની શિષ્યા સોભાગ્ય-
શ્રીજી તથા રતનશ્રીજી મહારાજની મેળવી
આપેલી મદદથી
અધ્યાત્મ જ્ઞાન પ્રસારક મંડળ.

હ. લલ્લુભાઈ કરમચંદ દલાલ.
મુંબઈ.

આવૃત્તિ ૧ લી   પ્રત ૫૦૦

સંવત ૧૯૭૧. સને ૧૯૧૫

મૂલ્ય અમૂલ્ય.

શ્રી દેવચંદજીની ચોવીસી.

આવૃત્તિ બીજી.

શ્રી દેવચંદજીનુ નામ જૈન આલમને એટલુ પરિચિત છે કે તેમ-સંબધમા વિશેષ લખવાની જરૂર નથી. તે ૧૮ મા સૈકાની અતમ વિદ્યમાન હતા, અને તેમણે લખેલા ગ્રન્થોમા હાલમા બે સસ્કૃત ગ્રન્થો તથા ૧૦-૧૨ ગુજરાતી ગદ્ય તથા પદ્યના લખાણો મળી આવે છે તેઓશ્રીની ગુજરાતી ભાષાપરનો કાબુ એવો તો અસાધારણ હતો અને તેમનુ ષટ્ દ્રવ્ય તથા અધ્યાત્મવિદ્યા સબધીનુ જ્ઞાન એટલુ વિશાળ અને ઉડુ હતુ કે તેમણે લખેલી વર્તમાન તીર્થંકરોની ચોવીસી તથા અતીત તીર્થંકરોની ચોવીસી, તથા મહાવિદેહ ક્ષેત્રમા બીરાજતા વીશ વિરહમાન તીર્થંકરોની વીસી લોકોનુ ધ્યાન ખેચી રહી છે. આ ચોવીસીઓ તથા વીસીઓમા ભક્તિભાવ, જ્ઞાન, દ્રવ્યાનુયોગ, હૃદયના ઉદ્દગારો વગેરે અનેક બાબતો સમાયેલી હોવાથી અમે વર્તમાન જીન ચોવીસી જનસમાજ આગળ સસ્તી કિમતે મૂકી છે [illegible] ચોવીસીમા કેટલીક ગહન બાબતો આવે છે, તે સામાન્ય જૈનો સમજી શકે નહિ તેથી તે પર રચેલી ગુજરાતી ટીકા પણ સાથે આપેલી છે, જે તેમણે પોતેજ જનહિતાર્થે રચેલી છે તે ટીકા મૂળના આશયને સહજ સારી રીતે સમજાવે છે આ પુસ્તકના લગભગ રૉયલ ૩૨ પેજીના ૫૦૦ ઉપરાત પૃષ્ઠ થશે અને તે છતા આવા ઉત્તમ પ્રકારના જ્ઞાનનો જૈન સમાજમા ફેલાવો થાય એવા ઉચ્ચ હેતુથી તેની કિમત માત્ર નામનીઅને પડતર ૦-૬-૦ રાખી છે, જેથી દરેક જૈન, અમને આશા છે કે આવુ પુસ્તક ખરીદી શ્રી દેવચદ્રજી મહારાજની વાણીનો લાભ લેશે અને ભક્તિ સાથે જ્ઞાન પ્રાપ્ત કરી પોતાના આત્માનુ કલ્યાણ કરી શકશે.

પુસ્તક મગાવનારે પોતાનુ નામ ઠેકાણુ તથા પ્રત વિગેરે લખી જણાવવુ.

શંકરલાલ ડાહ્યાભાઇ કાપડીયા.

નાગોરીસરાહ,—અમદાવાદ.

શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિ ગ્રંથમાળા: ગ્રંથાંક ૩૦

प्राचीन गुर्जर भाषाभां जैन साहित्य.

आत्मशिक्षा.

સંગ્રાહક,
શાસ્ત્રવિશારદ જૈનાચાર્ય યોગનિષ્ઠ બુદ્ધિસાગરસૂરિજી.

પ્રગટ કર્ત્તા,
ગરૂણીજી મહારાજ પરશનશ્રીજીની શિષ્યા સોભાગ્ય-
શ્રીજી તથા રતનશ્રીજી મહારાજની મેળવી
આપેલી મદદથી
અધ્યાત્મ જ્ઞાન પ્રસારક મંડળ.
હ. લલ્લુભાઈ કરમચંદ દલાલ.
મુંબઈ.

આવૃત્તિ ૧ લી. પ્રત ૫૦૦.

સવત ૧૯૭૧. સને ૧૯૧૫.

મૂલ્ય -___-

અમદાવાદ
ધી ડાયમડ જ્યુબિલી પ્રિન્ટીગ પ્રેસમા
પરીખ દેવીદાસ છગનલાલે છાપ્યુ

પ્રસ્તાવના.

આપણા ભારતવર્ષના કેન્દ્ર સ્થાનરૂપ ગુર્જર ભૂમિના સુભાગ્યે હમણા થોડાંક વર્ષો થયા સાહિત્ય પરિષદોએ દેખાવ દીધો છે અને તેના સદ્‌ભાવે કઇ કંઇ સાહિત્ય ક્ષેત્રમાં ઓર ઓર પ્રકારનો ઉમેરો પણ થવા લાગ્યો છે તે એક આનંદની વાત છે. અમારા જૈન સાહિત્યાભ્યાસી બંધુઓ જાણીને ખુશી થશે કે હવે આપણો પડઘો વિસ્તૃતપણે આપણી ગુર્જર સાહિત્ય પરિષદોમા પડવા લાગ્યો છે અને આપણા જે મહાન્ મહાન્ પૂર્વાચાર્યોએ રાસા વિગેરે રચી જૈન સાહિત્યની જે અપૂર્વ સેવા બજાવી છે, તેની આપણા જૈનેતર સાક્ષરવિદ્વાનોએ પણ ઘણીજ સારી રીતે કદર પીછાની છે એ જોઈ કયા જૈન બંધુઓને હર્ષના આસુ આવ્યા સિવાય રહેશે!

પરમપૂજ્ય શાસ્ત્ર વિશારદ જૈનાચાર્ય યોગનિષ્ઠ બુદ્ધિસાગર સૂરિજી કે જેઓ સાહિત્યના ક્ષેત્રમા પોતાની યથાશક્તિ સેવા બજાવે છે તેને માટે તેઓ સાહેબની જૈન કોમ ઋણી છે. વડોદરાની ચોથી સાહિત્ય પરિષદ વખતે તેઓશ્રીને સાહિત્ય પરિષદમા રાજ્ય તરફથી જાતે પધારવાને આમંત્રણ કરવામા આવ્યુ હતું તેજ તેમના સાહિત્ય વિલાસની આપણને ઝાખી કરાવે છે આ પુસ્તક પણ તેઓશ્રીના સાહિત્ય પ્રત્યેના પરિશ્રમનેજ આભારી છે. અમારા દરેક વિદ્વાન્ મુનિરાજોને આ દિશામા પ્રયત્ન કરવાને અમો વિજ્ઞપ્તિ કરીએ છીએ.

આ પુસ્તકની અંદર શ્રી વિજયસેન સૂરિકૃત આત્મશિક્ષાના અંગે બનાવેલ ૨૩૮ દુહા છે જે વાંચતાં વાચકના રોમાંચ ખડાં થાય તેમ છે તેમજ તેમાથી સંસારના અનિત્ય સુખનુ ઘણુંજ સ્ફુટ રીતે ભાન કરાવી આત્મરસમા નિમગ્ન કરાવે તેવા તે દોહરા છે. વળી શ્રી મણિ-

ચદ્રજી કૃત અધ્યાત્મ રસને આવાહન રૂપ ચોપાઇઓ વિગેરે છે તેમજ શાસનના મહામહોપગારી શ્રીમદ્ મહોપાધ્યાય શ્રી યશોવિજયજી કૃત પદો વિગેરે છે. જે અધ્યાત્મરસનું લાલિત્ય ઘણુંજ પ્રાગટ્ય કરે છે તેમ તેની અદર રા. રા. મણીલાલ નથ્થુભાઈ દોશી બી એ નો આત્મબળ (Spiritualism) વિષે લખેલો નિબધ પણ દાખલ કરવામા આવ્યો છે. જે પુસ્તકના શણગાર રૂપ છે. આ પ્રમાણે આ લઘુ પુસ્તકમા ઉપરની બીનાનો સગ્રહ કરી તેમા સમાવેશ કરવામા આવ્યો છે.

ગુરૂણીજી મહારાજ પરશનશ્રીજીના શિષ્યા સોભાગ્યશ્રીજી તથા રતનશ્રીજીને શ્રીમદ્ વિજયસેન સૂરિકૃત દુહાઓ ઉપર અત્યત પ્રેમ હતો અને તે પુસ્તક રૂપે છપાયલા જોવાની તેમની ઘણી અભિરૂચી હતી તેથી તેમને મદદને માટે પ્રયાસ કરેલો જેના પરિણામે આ પુસ્તક અસ્તિમા આવ્યુ છે. અમો આશા રાખીએ છીએ કે અમારા સુજ્ઞ વાચકો આ પુસ્તકને મનનપૂર્વક વાચી તેના સારને ગ્રહણ કરી પોતાના આત્માનુ સાર્થક કરશે એવુ ઇચ્છીએ છીએ.

લી. પ્રગટકર્ત્તા.

प्राचीन गुर्जरभाषामां जैन साहित्य.

આત્મશિક્ષા.

*દોહરા.

આપસ્વરૂપ વિચાર તું, જો હોએ હિઇડે સાન;
કરણી તેહવી કીજીએ, જિમ વાધે જગવાન. ૨૮
વડપણ ધર્મ થાઈ નહી, જોવન એલિ જાય,
વચવેગલ ધસમસ કરી, પછી ફરિ પસ્તાય ૨૯
જરા આવી યોવન ગયો, શિર પલિયા તે કેશ;
લલુતા તો છડી નહી, ન કર્યો ધર્મ લવલેશ. ૩૦
પચેદ્રિ જિહાં પડવડાં, રોગ જરા નાવત;
યોવન વિચલી આવે સદા, કરો ધર્મ માહાત. ૩૧

---

* આત્મશિક્ષા નામક લઘુ રાજ્યના કર્ત્તા શ્રી વિજયસેનસૂરિના ।ખતમા વિદ્યમાન હતા. લગભગ ત્રણસો વર્ષ પૂર્વે જૈન કવિની ભાપા અને તેનો સાર વાચકોને સમજાય તે માટે તેનો ઉતારો કરવામા આવ્યો છે તેના કર્ત્તા કોણ છે તે છેવટે દર્શાવ્યુ છે. અમદાવાદ ઝવેરીવાડો, લહેરીયા પોળના રહીશ શ્રાતા પાનાચદભાઈ કે જે થોડા વર્ષ પર મૃત્યુ પામ્યા છે જેમની પાસેથી એક ટીપણુ મળ્યુ હતું, તેમાથી માત્ર ઉતારો કરવામા આવ્યો છે.

જે ટીપણ મળ્યુ તેમા ૨૮ મી દોહરાથી લખાણ હતું તેથી ૨૮ મી દોહરાથી પ્રગટ કર્યું છે. બુદ્ધિપ્રભા.

હુંતી હાથ ન વાવર્યો, સંબલ ન કિયો સાથ;
આથ ગઈ ચીતીયો, પછે ઘસે નિજ હાથ. ૩૨
ધન જોબન નર રૂપનો, ગર્વ કરે તે ગમાર,
કૃષ્ણુ બલભદ્ર દ્વારિકા, જાતા ન લાગી વાર ૩૩
આઠ પહોર તું ધસમસી, ધન (કારણ) દેશાતર જાય,
સો ધન મેલ્યું તાહરૂં, ઓરજ કોઇ ખાય. ૩૪
આંખતણે ફરૂકડે, ઉથલપાથલ થાય,
ઇશુ જાણી જીવ બાપડા, મ કરીશ મમતા માય. ૩૫
માયા સુખ સસારમાં, તે સુખ સહી અસાર;
ધર્મ પસાઇ સુખ મળી, તે સુખ ન આવે પાર. ૩૬
નયન ફરૂકે જિહાં લગે, તિહાં તાહરૂ સહુ કોય,
નયન ફરૂકત જબ રહી, તબ આથ ઓરજ કોય. ૩૭
પાપ કીયા જીઉ તેં બહુ, ધર્મ ન કીઓ લગાર,
નર્ક પડયો જમકર ચઢયો, પડયો તિહા કરે પોકાર. ૩૮
કો દન રાણો રાજીઓ, કો દન ભયો તું દેવ;
કો દિન રાક તું અવતર્યો, કરતો ઓરજ સેવ. ૩૯
કો દિન કોડી પરવર્યો, કો દિન નહિ કો પાસ;
કો દિન ઘર ઘર એકલો, ભમ્યો સહી યુ દાસ. ૪૦
કો દિન સુખાસન પાલખી જલમચી ચકડોલ;
રથપાલા આગલ ચલે, નિત્ય નિત્ય કરત કલોલ. ૪૧
કો દિન કૂર કપૂર તું, ભાવત નહીં લગાર;
કો દિન રોટી કારણે, ભમે તે ઘર ઘરબાર. ૪૨
હીર ચીર અંગજ પહિરીયાં, ચુઆ ચંદન બહુ લ ય;

સોતન જતન કરત ભયો, ખીણુમાંહી વિઘટાય ૪૩
સાતમી ગોખ તું શોભતો, કામની ભોગવિલાસ,
એક દિન ઓહિ આવિસિ, રહણોહિ વનવાસ. ૪૪
રૂપી દેવકુમાર સમ, દેખત મોહે નરનાર;
સો નર ખીણુ એકમા વળી, બલી જલી હોવે છાર. ૪૫
જે વિના ઘડીય ન જાયતી, સો વરસાસો જાય,
તે વલ્લભ વિસરી ગયો, ઓર સું ચીતવે છાર ૪૬
દેખત સબ જગ જાતુ હેં, થિર ન રહેવે કોય,
ઇસુ જાણી ભલુ કીજીએ, હીયે વિમાસી જોય. ૪૭
સુરપતિ સવે સેવા કરે, રાય રાણુા નરનાર
આયપ હોતી આત્મા, જાતા ન લાગે વાર ૪૮
દેખત ન અધા હુઆ, જે વીટયા મોહજાલ;
ભણ્યા ગણ્યા મૂરખ વલી, નરનારી બાલગોપાળ. ૪૯
રાત દિવસ નિજ પ્રિયા સું, તું રમતો મનરંગ,
જે જોઇ તે પૂરતો, ઉલટ આણી અગ. ૫૦
સો રામા જીઉ તાહરી, ખિણુમાહી વિઘટાય;
સ્વાર્થ પહોંચત જબ રહ્યા, તબ ફેરી વેરી થાય. ૫૧
સમુદ્રદ્વીપ સાયર સવે, પામ્યા કેઇ પાર;
નારી હૃદય દોય આગલાં, કો નવી પામ્યા પાર. ૫૨
બ્રહ્મા નારાયણુ ઇશ્વર, ઇંદ્ર ચંદ્ર નર કોડ,
લલના વચન હુવા લાલચી, રહ્યા તે બે કરજોડ. ૫૩
નારી વદન સોહામણો, પણુ વાઘણી અવતાર;
જે નર એહને વશ પડયા, તસ લુટયા ઘરબાર. ૫૪

હસ્ત મુખે દીસે ભલી, કરતે કારમો નેહ;
કનકલતા બાહિર જિસી, અભંતર પિતલ તેહ. ૫૫
પહિલી પ્રીતિ કરે રંગશુ, મીઠા બોલી નાર;
નરદાસ કરિયો આપણો, પછે મૂકે ટાકર માર. ૫૬
નારી મદન તલાવડી, બુડયો સયલ સંસાર;
કાઢણુ હારો કો નહીં, બુડાવું બન વાર, ૫૭
વીસ વીસાના જે નરા, કોઇ નહી તસવંક,
પણુ નારી સંગત તેહને, નિશ્ચે ચઢે કલંક. ૫૮
મુંજ અને ચંડ પ્રદ્યોતના, દાસીપતિ પામ્યા નામ;
અભયકુમાર બુદ્ધિ આગલો, તેહ ઠગ્યો અભિરામ. ૫૯
નારી નહીરે બાપડી, પણુ એ વિષની વેલ;
જો સુખ વાચ્છે મુકિતના, તો નારી સગત મેલ ૬૦
નારી જગમા તે ભલી, જિયો જાયા પુરૂષ રતન,
તે સતીને નિત્ય પાયે નમુ, જગમા તે ધન્ય ધન્ય. ૬૧
પાપ ઘટ પૂરણુ ભરી, તે લિયો શિર ભાર
તે કિમ છૂટીશ જીવડા, ન કરી ધર્મ લગાર ૬૨
તો ઇસુ જાણે કુડકપટ, બલ બલય તુ છાંડ,
તે છાડીને જીવડા, જિન ધર્મસું ચિત્ત માડ ૬૩
જેણે વચને પર દુંખીયો, જેણે હોયે પ્રાણી ઘાત,
ક્લેશે પડે નીજ આતમા, તજયો ઉત્તમ તે વાત ૬૪
જીમતીમ પરસુખ દીજીએ, દુખ ન દીજે કોઈ;
દુખ દીજે દુખ પામીએ, સુખ દીજેજ સુખ હોય. ૬૫
પરભાત નિદા જે કરે, ઓર કૂડા દીએ આલ,

મર્મ પ્રકાશે પરતણા, એથી ભલો ચંડાલ. ૬૬
ષટ્માસીને પારણે, એકસીતુ લહે આહાર;
કરતો નિંદા નવ ટળે, તસ દુર્ગતિ અવતાર. ૬૭
છાર ઉપર જીમ લીંપણુ, ત્યમ ક્રોધી તપ કીધ,
તસ જપ તપ સંયમ મુધા, એકે કાજ ન સીધ. ૬૮
પૂરવ કોડને આઉખે, પાલે ચારિત્ર્ય સાર;
સુકૃત સર્વે તેહનું, ક્ષિણમાં હોવે છાર. ૬૯
પર અવગુણ સર્ષવસમા, અવગુણ નિજ મેરૂ સમાન,
તો કાં કરે નિંદા પારકી, મૂરખ આણી નીજ સાન. ૭૦
પરઅવગુણ જીમ દેખીએ, તીમ પરગુણ તું જોય,
પરગુણ લેતાં જીવડા, અખઈ અજરામર હોય. ૭૧
ક્રોધી નર અછે સદા, કહીય ન ઉતરે રીસ,
તે છોડી દૂર આતમા, રહીએ જોયણ પણવીસ. ૭૨
ગુણ કીધા માને નહિ, અને અવગુણ માંડી મૂલ,
તે નર સગત છાંડીએ, પગપથ માથાશૂલ. ૭૩
નિંદા કરે જે આપણી, તે જીવો જગમાય,
મલમૂત્ર ધોઇ પરતણા, પછે અધોગતિ જાય. ૭૪
જે મલમૂત્ર ધોઈ સદા, ગુણવંતના નિશદિશ,
તે દુર્જન જીવો ઘણુ, જગમાં ક્રોડ વરીસ. ૭૫
સજન દુર્જન કિમ જાણીએ, જબ મુખ બોલે વાણ,
સજ્જન મુખ અમૃત લવે, દુર્જન વિષની ખાણ ૭૬
નરભવ ચિંતામણિ લહી, આલિ તું મમ હાર;
ધર્મ કરીને જીવડા, સફલ કરો અવતાર. ૭૭

સકલ સામગ્રી તેં લહી, જેણુ તરીય સંસાર,
પ્રમાદવસેં ભવ કાં ભમે, કરી નિજ હિયે વિચાર ૭૮
દિઓ ઉપદેશ લાગે નહીં, જો નવી ચેતે આપ;
આપ સ્વરૂપ વિચારતાં, છુટી જે સબ પાપ. ૭૯
જિમ આઉખા દિન ગણે, વરસ માસ ઘડી માન,
ચેતી સકે તો ચેતજો, જો હુઈ હિયડે સાંન ૮૦
ધન કારણુ તું જલફલી, તિમ ધર્મ કરે થઈ શૂર,
અનન્તભવનાં પાપ સવી, ખીણુમાં જાઇ દૂર ૮૧
જે રચના દિ ઉગતી, તે રચના નહીં સાંજ,
ઈસુ જાણીરે જીવડા, ચેતીને હીયડા માંય. ૮૨
આસ્યા અંબર જેવડી, મરવું પગલાં હેઠ;
ધર્મ વિના જસ દિન ગયા, તેણુ દૈન્યની કીધી વેઠ. ૮૩
રે જીવ સુણુ બાપડા, તુમ કરીશ ગર્વ ગમાર,
પરસરૂપ દેખી કરી, નિજ જિઉ સુવિચાર ૮૪
કર્મિ કો નવી છૂટિયા, ઈન્દ્ર ચન્દ્ર નરદેવ;
રાય રાણુા મંડલીક વલી, અવર નર કુણુ હેવ. ૮૫
વરસ દિવસ ઘર ધરી, આદિનાથ ભગવંત;
કર્મ વસે દુખ તિણે લહ્યા, જે જગમાં બલવંત. ૮૬
પાસ જિણુંદ પ્રતિમા રહી, ઉપસર્ગ કિયો સુરંદ,
તે ઉપસર્ગ ટાલિયો, પદ્માવતી ધરણિંદ. ૮૭
કાને ખીલા ઘાલીયા, ચરણે રાંધી ખીર;
તેહુ નર કર્મે નડ્યા, ચોવીસમા શ્રીવીર. ૮૮
મલ્લિ માયા તપ કરી, પામ્યા સ્ત્રી અવતાર;

સુરપતિ કોડી સેવા કરે, કર્મનો એહ પ્રકાર. ૮૯
પુરૂષ સવે ચૂડામણિ, ભરત નરેસર રાય;
બાહુબલ હાર મનાવીયો, આજ લગે કહેવાય. ૯૦
કીધા કર્મ ન છૂટીઇ, જેહનો વીસમો બંધ;
બ્રહ્મદત્ત નર ચક્કવા, સોલ વરસ લગે અંધ. ૯૧
આઠમો સુભૂમ ચક્કવી, જસ રૂદ્ધિ તણો નહીં પાર;
કર્મ વસે પરિવાર સુ, બુડો સમુદ્ર મઝાર. ૯૨
પાંચે પાંડવ અતુલ બલી, તેહુ પામ્યા વનવાસ,
ઇસા પુરૂષ જગમાં વલી, દીન પેરે ફીરયા વનવાસ ૯૩
રામ લક્ષ્મણ જગમાં વલી, જેહનું જપે સવી નામ,
તે વનવાસી નર હુવા, જે બહુ ગુણના ધામ ૯૪
રાવણ વિકટ રામે હણ્યો, કૃષ્ણે હણ્યો જરાસન્ધ;
જરાકુમારે હરિને હણ્યો, દેખ્યો કર્મનો એ બન્ધ. ૯૫
નિજ પુત્રી તાતે વરી, તસ કુખે સુત હેવ;
કર્મ વસે જીવ ઉપનો, ત્રિપૃષ્ઠ વાસુદેવ. ૯૬
ભમતાં ભમતાં અવતર્યો, દેવાનન્દા કુખ,
બ્યાસી રાત્રી તિહાં રહી, કર્મે લહ્યું વીર દુઃખ. ૯૭
ઈન્દ્ર અહિલ્યા સું જુઓ, લુબ્ધ હુઓ સુરદેવ;
ઈશ્વર દેવ નચાવીયો, પારવતી પ્રીઉ હેવ. ૯૮
માસ ખમણને પારણે, કુલ વાલુઓ અણગાર;
ચિત્ત ચલ્યુ સંગ નારીયે, ચુકત ન લાગી વાર. ૯૯
પાંચ શત રામા તજી, લીધો સયમ ભાર;
દશ દશ નંદિષેણ બુજવે નર કોસ્યા દરબાર. ૧૦૦

બારે તાંતણા સૂત્રના, વીટચો આર્દ્રકુમાર;
સુત મોહની વશ રહી, પછે લીયો સંયમ ભાર. ૧૦૧
પંચસયા મુનિ નેમના, ઉર શ્રીપાશના ચ્યાર;
ભોગ કારણ સંયમ તજી, માંડ્યા તિણે ઘરબાર. ૧૦૨
નવાણુ કોડી કંચન, ઓર તજી આઠે બાલ,
તે દુકર નિત વંદીઇ, શ્રી જંબુ ત્રિણકાલ. ૧૦૩
એક કન્યા કોડી કચન, તજી જેણે વલી દૂર;
તે વયરસ્વામી નિત્ય વદીઇ, નિત ઉગમતે સૂર ૧૦૪
નવાણું પેટી સુરતણી, નિત નિત હોઇ નિર્મલ;
નર ભવસુર સુખ ભોગવી, તે સાલિભદ્ર સુકુમાલ. ૧૦૫
રતન કબલને કારણે, શ્રેણિક આયો દરબાર;
ગોખથકી ખોલી લીયો, લીયો તે સયમ ભાર. ૧૦૬
આઠ નારી જીણે તજી, તે ધન્નો ધન્ય ધન;
નારી હાસ સયમ લીયો, રાખ્યા ઠામ જેણે મન. ૧૦૭
ષટનંદન દેવકી તણા, ભદિલપુર સુરસા નાર,
તસઘર તેઉ ઉચ્છર્યા, રૂપે દેવકુમાર ૧૦૮
બત્રીસ બત્રીસ પદમની, બતિસ બતિસ હેમ કોડ,
નેમસમી સંયમ વરી, તે વંદુ કરજોડ. ૧૦૯
સહસ પુરૂષ સુ સયમ લિયો, શ્રી નેમીસર હાથ,
તે થાવચ્ચો વંદીઇ, મહોચ્છવ કરી યદુનાથ ૧૧૦
બાર વરસ છઠ આબલે, કીધા શિવકુમાર;
શીલવ્રત સદા ધરી, એ પણ કરે કાર ૧૧૧
કોશા મન્દિર ચોમાસુ રહ્યા, ચોરાશી ચોવીસ;

તે થૂલભદ્ર મુનિ વંદીઇ, ભદ્રબાહુ ગુરૂ સીસ. ૧૧૨
કપિલાસંગ નવી ચલ્યો, શેઠ સુદર્શન ચંગ,
શુલીથી સિંઘાસણુ થયું, સુર કરે મન રંગ ૧૧૩
શિવ રમણીને કારણે, જેણે સુખ છંડયાં દેહ;
તસ નામ હોય ચાર લીજીએ, ભવિજન સુણજો તેહ.૧૧૪
વરસ દિવસ કાઉસગ કિયો, બાહુબલી અણગાર;
માન ગજથી ઉતર્યો, તવ લહ્યો કેવલ સાર. ૧૧૫
ગજ સુકુમાલ શિર સોમિલે, દેખી ધર્યા અંગાર,
સમતા પસાઈ તે વલી, પામ્યા ભવનો પાર. ૧૧૬
મેતારજ શિર સોનિયે, વાધ્ર વિટયુ ધરી ખેદ,
નિજ મન ઠામે રાખીયો, કીયો સંસારનો છેહ. ૧૧૭
સુકોશલ સુકુમાલ મુનિ, વલુરયું વાઘણી અંગ;
બાપ નિજામી મા ભખી, શિવપુરી વરી મનરગ ૧૧૮
પૂર્વભવ પ્રિયા શિયાલણી, તન ભખ્યો અવતી સુકુમાલ;
નલિની ગુલ્મ વિમાનનાં, પામ્યા ભુવનાંત કાલ. ૧૧૯
પચશત શિષ્ય ખંધક તણા, ઘાંણી પીલ્યા સોય,
શિવનગરી શિવ પામીયા, એ સમતા ફલ જોય. ૧૨૦
ચિલાતી પુત્ર નારી શિર, છેદીને કર લીધ;
ઉપશમ સંવર વિવેક, કરત કર્મ દૂર કીધ ૧૨૧
દિન પ્રતે સાત હત્યા કરી, અર્જુનમાલી નામ,
પરિસહ સહી ખીમા ધરી, પામ્યા શિવપુર ઠામ ૧૨૨
મુનિપતિ મુનિ કાઉસગ્ગ રહી, અગની દાધી દેહ,
પરિસહ સહી પદવી વરી, અમર વધુ ધરી સ્નેહ. ૧૨૩

વંસ ઉપર નાટક કરી, એલાપુત્ર કુમાર,
જાતિ સમરણ ઉપનું, જ્ઞાન અનંત અપાર. ૧૨૪
કર્મ વસેં આષાઢ મુનિ, ભરતનું નાટક કીધ;
અનિત્યભાવના ભાવતાં, તેણે તિહાં કેવલ લીધ. ૧૨૫
સુશિષ્ય પંથક મુનિ, ગુરૂ પ્રમાદ કિયો દૂર,
શેત્રુંજગિરિ અણુસણુ કર્યો, તે વંદુ ગુણ ભૂર. ૧૨૬
ચડ રૂદ્ર ગુરૂ સ્કંધ કરી, રજની કીયો વિહાર;
શિષ્યે કેવલ પાંમીઓ, તિમગુરૂ કેવલ ધાર ૧૨૭
ષટ્માસી આહારને પારણે, ઢઢણુ નામ કુમાર;
મોદક ચૂરતાં પામીઓ, કેવલ જ્ઞાન ઉદાર ૧૨૮
કુર ભખતા કેવલ લહ્યુ, કૂરગડુ અણુગાર;
ખિમા ખડગ હાથે ધરી, મુનિમાહે શિણુગાર ૧૨૯
ખટખંડ રાજ હેલાં તજી, અને લીધો સંયમ ભાર;
ષટ્દસ રોગ ઇહાં સહ્યા, શ્રી શ્રી સનત્ કુમાર. ૧૩૦
પંખી પ્રાણુજ રાખવા, કરી ખંડોખંડ નિજ દેહ;
મેઘરથ રાય તિણે ભવે, પ્રસન્ન હુયા સુરદેવ. ૧૩૧
વીર વદી ગુમાન સુ, દશાંનભદ્ર નરસિંહ;
સુરપતિ પાયે લગાડીયો, જગ રાખી જિણે લીહ. ૧૩૨
પ્રસન્નચંદ્ર કાઉસગ્ગ માહી, કોપી યુદ્ધ કરંત;
કોપ સમ્યો કેવલ લહ્યો, મોટો એ ગુણવંત. ૧૩૩
અયમુત્તો સુકુમાલ મુનિ, વખાણ્યો વીર જિણુંદ,
ઇરિયાવહી પડિક્કમતાં, કેવલ લહ્યુ આણુંદ. ૧૩૪
વીર વચને જે થિર રહ્યા, શ્રેણિક સુત મેઘકુમાર;

જાતિ સમરણ પામીઓ, કરી દો નયણાં સાર ૧૩૫
હાથે વેકાણી ચંદના, સુભદ્રા ચઢયું કલંક;
દમયંતી નલ વિહુણી, લહ્યો એ કર્મનો વંક. ૧૩૭
કલાવતી કર છેદીયા, દ્રુપદી કાઢયું ચીર;
અગનધીજ સીતા ધર્યું, સીલગુણે ભર્યું નીર ૧૩૭
ચંદન ચરણ મૃગાવતી, નીજ ખમાવી અપરાધ,
કેવલ લહી ગુરૂણી દીયો, દો જીવ ટળ્યો વિષવાદ. ૧૩૮
હરિચંદરાય કર્મવસે, સીર ધર્યું ડુંબઘર નીર;
કર્મવસે નર સવી નડ્યા, જે જગ બાવનવીર ૧૩૯
ગૌ બ્રાહ્મણ સ્ત્રી બાલક, દઢ પ્રહાર હત્યા કીધ;
ચ્યાર પહોર કાઉસગ્ગ રહી, ખટમાસી કેવલ કીધ. ૧૪૦
કર્મ પ્રકાશિ આપણાં, મન શુદ્ધ આણંદપૂર;
સહગુરૂ વાસજ છે વલી, જિમ જાઈ પાપ સવિ દૂર. ૧૪૧
બલવંત અનંતા જે નરા, કેઈ સુર સુભટ જુજાર;
કર્મ સુભટ જુઓ એકલે, સવી મનાવી હાર. ૧૪૨
કર્મ સુભટ વિષમ વિકટ, જે વશ કીયો ન જાય.
જે નર એહને વશ કરી, હું પ્રણમુ તસ પાય. ૧૪૩
ઇસુ જાણીને કીજીએ, જે આતમ સુખ થાય;
પર જીવ દુઃખ ના દીજીએ, ઇમ બોલે નિજરાય. ૧૪૪
દાન શીયલ તપ ભાવના, ધર્મનાં ચાર એ મૂળ,
પર અવગુણ બોલત સહી, એ સહુ થાઈ ધૂળ. ૧૪૫
દાન સુપાત્રે દીજીએ, તસ પુણ્ય નહીં પાર;
સુખ સંપત લહિયે ઘણી, મણિ મોતિ ભંડાર. ૧૪૬

ધનો સારથપતિ જુઓ, ઘૃત વિહરાવ્યું મુનિ હાથ;
દાન પ્રભાવે જીવડો, પ્રથમ હવા આદિનાથ ૧૪૭
મુનિ દાન દિયો ધન સારથિ, આણંદ હર્ષ અપાર;
નેમનાથ જિનવર હુવા, જાદવ કુળ શિણુગાર. ૧૪૮
કુલથી કેરા રોટલા, દીધું મુનિવર દાન;
વાસુપૂજ્ય ભવ પાછલે, જિનપદ લહ્યો નિધાન ૧૪૯
મુનિ ભલો એક મારગી, વહરાવ્યો તસ આહાર;
સાથ મેલ્યો નિજ સારથી, તે વીર જગદાધાર ૧૫૦
સુલસા રેવતી રગસ્યુ, દાન દીધા મહાવીર;
તીર્થંકર પદ પામસે, લહેસી તે ભવતીર. ૧૫૧
દાને ભોગજ પામીએ, સિયલ હોઇ સોભાગ;
તપ કરી કર્મજ ટાલીએ, ભાવના શિવ સુખ માગ ૧૫૨
ભાવના ભવનાશની, જે આપે ભવપાર;
ભાવના વડી સંસારમા, જસ ગુણનો નહીં પાર ૧૫૩
અરિહંત દેવ સુસાધુગુરૂ, કેવલી ભાખિત ધર્મ,
ઇસુ સમકિત આરાધતા છૂટી જે સવી કર્મ ૧૫૪
નવ પદ જાપજ કીજીએ, ચઉદ પૂરવનું સાર,
એસો મંત્ર ગુણીએ સદા, જે તારે નરનાર ૧૫૫
સકલ તીરથનો રાજીઓ, કીજે તેહની યાત્ર,
જસ દરિસણેં દુર્ગતિ ટલે, નિર્મલ થાએ ગાત્ર ૧૫૬
અષ્ટાપદ અર્બુદગિરિ, સમત શિખર ગિરનાર;
એ પંચ તીર્થ પ્રણમીએ, મન ધરિ હર્ષ અપાર ૧૫૭
ઋષભ શાન્તિ જગ નેમજી, પાસ અને વર્ધમાન;

એ પાંચ તીર્થ પ્રણુમતાં, નીત બાધે જીઉ વાન. ૧૫૮
ઉત્તમ નરનારી તણા, નામ કહ્યા એ માય;
તે નામ નિરંતર લીજીએ, જિમ લહે આણુંદ થાય. ૧૫૯
એ આતમ શિષ્યાભાવના, ગુણુમણિ રયણુ ભંડાર;
પાપ ટલે સવિ તેહનાં, જેહ ભણે નરનાર ૧૬૦
એ આતમ શિષ્યા ભાવના, જે સુણે હર્ષ અપાર,
નવનિધિ તસ ઘર સંપજે, પુત્ર કલત્ર પરિવાર ૧૬૧
એ સુણુતાં સુખ ઉપજે, અંગ ટલે સવિ રીસ,
સમતા રસમા જીવડો, ઝીલે તે નિસ દીસ. ૧૬૨
ઇણે ભવે પરભવે ભવભવે, જિન માગું તુમપી હેવ,
મન વચન કાયા કરી, દ્યો તુજ ચરણુની સેવ ૧૬૩
એ ગુણી જિહાં ભાવશુ, તિહા રાન વેલાઉલ થાય,
આતમશિક્ષા નામથી, સુરનર લાગે પાય. ૧૬૪
વીર શાસન દીપાવતો, શ્રી આનન્દવિમલ સુરીંદ,
પ્રમાદપંચ દુરે કર્યા, પ્રણમું તે આણંદ ૧૬૫
તાસ શિષ્ય મુનિ સિર ધણી, શ્રી વિજયદાન સૂરીશ,
પ્રગટ મહિમા તસ જાગતો, પાય નમે નર ઈશ ૧૬૬
ઉપશમ રસનો કુંપલો, તાસ પટોધર હીર,
સકલ સૂરિ શિરોમણિ, સાયર જિમ ગંભીર ૧૬૭
હીરવિજય ગુરૂ હીરલો, પ્રતિબોધ્યો અકબર ભૂપ,
રાય રાણા સેવા કરે, જેહનું અકલ સ્વરૂપ ૧૬૮
મ્લેચ્છરાય જેણે વશ કર્યો, જગ વરતાવી અમાર,
વિમલાચલ મુગતો કિયો, શાસન શોભાકાર. ૧૬૯

કુમારપાલ પ્રતિબોધિયો, શ્રી શ્રી હેમસૂરંદ;
તિમ અકબર ગુરૂ હીરજી, મન ધરી અતિ આણુંદ. ૧૭૦
ધ્યાન નિસી નિજ પદ દીયો, નિજ મન હર્ષ અપાર;
વિજયસેન સૂરિ નામથી, નિત નિત હોએ જયકાર. ૧૭૧
કામકુંભ ચિંતામણી, કલ્પતરૂ અવતાર;
તસવિથીજેસિધજી, અધિક એ ભવિ વિચાર. ૧૭૨
માયાજાલ મૂક પરિ, સુત્ત ચરિત્ર વિચાર,
ભવજલ તારણ પોત સમ, ધર્મ હયામા ધાર. ૧૭૩
ધર્મ થકી પન સંપજે, ધર્મે સુખિયા હોઈ,
ધર્મ ધન વાધે ઘણો, ધર્મ કરે જગ કોઇ. ૧૭૪
ધર્મ કરે જે પ્રાણીયા, તે સુખિયા ભવમાહી,
જગમા સહુ જીજી કરે, આવી લાગે પાય ૧૭૫
ધર્મ ધર્મ સહુકો કરે, પણ ધર્મ ન જાણે કોય;
ધર્મ શબ્દ જગમાં બડો, વિરલા બુજે સોઇ ૧૭૬
આતમ સાખે ધર્મ જે, ત્યાં જનનુ શ્યુ કામ,
જન મનરંજન ધર્મનું, મૂલ ન એક બદામ. ૧૭૭
પોચેગા તબ કોહિગા, તબલગ કહ્યો ન જાય,
મન મેરો મશકરો, ભડકે ભાગી જાય ૧૭૮
માણુસ હોણા મુશ્કિલ હે, તો સાધુ કિહાસે હોત;
સાધુ હુઆ તબ સિદ્ધ ભયા, કહેણી રહેણી કોઇ. ૧૭૯
સાધુ ભયા તો કયા હૂયા, ન ગયા મનકા દ્વેષ;
સમતા સુચિત લાયકર, અંતર દૃષ્ટિ દેખ. ૧૮૦
ચેતન તેં પરચ્યો નહીં, કયા હુઆ આવૃત ધાર;

સાલ વિહુણા ખેતમેં, વૃથા બનાઇ વાડ. ૧૮૧
આત્મ અનુભવ વાસકિ, કોઇક નવલી રીત;
નાક ન પસરે વાસના, કાન ગ્રહે પરતીત. ૧૮૨
જિનવાણી નિત્યે નમી, કીજે આતમ શુદ્ધ;
ચિદાનન્દ સુખ પામીઇ, મીટે અનાદિ અશુદ્ધ. ૧૮૩
શુદ્ધાતમ દરસ વિના, કર્મ ન છૂટે કોઈ;
તે કારણ સુદ્ધાતમા, દર્શન કરો થિર હોઇ ૧૮૪
આત્મ અનુભવ તિરથે, મિટે મોહ અંધાર,
આપ રૂપમેં ઝલહલે, નહિ તસ અંત અપાર. ૧૮૫
તે આત્મા ત્રિવિધા કહ્યો, બાહિર અંતર નામ,
પરમાત્મ તિહાં તીસરો, સો અનંતગુણ ધામ. ૧૮૬
પુદ્ગલસેં રાતા રહે, જાને એહ નિધાન;
તસ લાભે લોભ્યો રહે, બહિરાતમ અભિધાન ૧૮૭

અથ અંતર આત્મલચ્છન.

પુદ્ગલ ખલસંગી પરે, સેવે અવસર દેખ;
તનુ આસકત જ્યુલકડી, જ્ઞાનભેદ પદ લેખ ૧૮૮
બહિરાતમ તજ આતમા, અંતર આતમ, રૂપ;
પરમાતમને ધ્યાવતાં, પ્રગટે સિદ્ધ સ્વરૂપ ૧૮૯
પુદ્ગલભાવ રૂચિ નહીં તાપે રહે ઉદાસ,
સો અંતર આતમ સહે, પરમાતમ પરકાસ. ૧૯૦
સિદ્ધ સ્વરૂપી જો કહે, પણ કશુ ન દેખું રૂપ
અંતર દૃષ્ટિ વિચારતાં, એતે સિદ્ધ અનુપ. ૧૯૧

અનુભવ ગોચર વસ્તુકો, જાણે એહિ આલ્હાદ;
કેણુણ સુણુણમેં કિસુ નહી, પામે પરમ આલ્હાદ. ૧૯૨
આત્મા પરમાત્મ હોઇ, અનુભવ રસ સંગતે;
દ્વૈતભાવ મલ નિસરે, ભગવતની ભક્તે. ૧૯૩
આતમસંગે વિલસતાં, પ્રગટે વચનાતીત,
મહાનન્દ રસ મૌકલો, સકલ ઉપાધિ રહિત. ૧૯૪
સિદ્ધ સરૂપી આતમા, સમતારસ ભરપૂર;
અંતરદૃષ્ટિ વિચારતાં, પ્રગટે આતમ રૂપ. ૧૯૫
આપોઆપ વિચારતાં, મન પામે વિસરામ,
રસસ્વાદ સુખ ઉપજે, અનુભવ તાકો નામ ૧૯૬
અનુભવ ચિંતામણિ રતન, અનુભવ હે રસ કૂપ;
અનુભવ મારગ મોક્ષકો, અનુભવ શુદ્ધ સ્વરૂપ. ૧૯૭
ચિદાનન્દ ચિન્મય સદા, અવિચલ ભાવ અનંત,
નિર્મલ જ્યોતિ નિરંજનો, નિરાલંબ ભગવંત ૧૯૮
કંત કમલપર પંકથી, નિસંગે નિર્લેપ,
જિહાં વિભાવ દુરભાવનો, નહિ લવલેશે ખેપ ૧૯૯
જ્યુ નવનીતથી જલબલે, તબ ઘૃત પ્રગટે ખાસ;
ત્યુ અન્તર આત્મથકી, પરમાતમ પરકાસ ૨૦૦
શુદ્ધાતમ ભાવે રહ્યો, પ્રગટ નિર્મલ જ્યોતિ,
તે ત્રિભુવન શિર મુગટમણિ, ગઈ પાપ સવિ છાડ; ૨૦૧
નિજ સરૂપ રહતા થકાં, પરમરૂપ કો ભાસ,
સહજ ભાવથી સંપજે, ઉરતે વચન વિલાસ ૨૦૨
અન્તરદૃષ્ટિ દેખઈ, પુદ્ગલ ચેતન રૂપ,

પર પરિણુતિ હોઇ વેગલી, ન પઢે તે ભવ કૂપ. ૨૦૩
અંતરગત જાણ્યા વિના, જે પહિરે મુનિ વેસ;
શુદ્ધ ક્રિયા તસ નવિ હોઇ, ઇમ જાણી ધરો નેહ ૨૦૪
અ તરગતની વાતડી, નવિ જાણે મતિ અંધ;
કેવલ લિંગ ધારિતણો, ન કરો તે પ્રસંગ. ૨૦૫
અ તર આત્મ સ્વભાવ છે, જે જાણે મુનિરાય,
કર્મમેલ દૂરે કરે, ઇમ જાણી મન માહ્ય. ૨૦૬
આત્મવસ્તુ સ્વભાવ છે, તે જાણે ઋષિરાય;
અધ્યાતમ વેદી કહે, ઇમ જાણી ચિત્તમાહિ ૨૦૭
આતમ ધ્યાને પૂર્ણતા, રમતા આત્મ સ્વભાવ,
અષ્ટકર્મ દૂરે કરે, પ્રગટે શુદ્ધ સ્વભાવ ૨૦૮
લાખ કોડ વરસા લગે, કિરિયાએ કરી કર્મ,
જ્ઞાની શ્વાસોશ્વાસમા, ઇમ જાણો તે મર્મ. ૨૦૯
અન્તર મેલ સવિ ઉપશમે, પ્રગટે શુદ્ધ સ્વભાવ,
અવ્યાબાધ સુખ ભોગવે, કરિ કર્મ અભાવ. ૨૧૦
અક્ષય ઋદ્ધિ લેવા ભળી, અષ્ટકર્મ કરો દૂર;
અષ્ટકર્મના નાશથી, સુખ પામે ભરપૂર. ૨૧૧
સદા સુખી સતોષી જન, સદા શુદ્ધ રસ લીન;
ઇદ્રાદિક જસ આગલે, દીસે દુ:ખિયા દીન. ૨૧૨
જે સુખ નહિ સુર રાયને, નહિ રાણા નહિ રાય,
જે આતમ સુખ અનુભવે, તે સમ સંતોષ પસાય. ૨૧૩
સુર ગણ સુખ ત્રિહુ કાલના, અનંત ગુણ તે કીધ;
અનત વર્ગે વર્ગિત કયા, તો પણ સુખ સમિદ્ધ. ૨૧૪

તે સુખની ઈચ્છા કરો, તો મૂકો પુદ્ગલ સંગ;
અલપ સુખને કારણે, દુઃખ ભોગવે પર સંગ. ૨૧૫

અથ પરમાત્મ લચ્છન.

ન્યારો આપ સ્વરૂપમેં, ન્યારો પુદ્ગલ ખેલ;
સો પરમાતમ જાણીએ, નહિ જસ ભવકો મેલ. ૨૧૬
નામાતમ બહિરાતમા, થાપના કારણ જેહ,
સો અંતર દ્રવ્યાતમા, પરમાતમ ગુણ ગેહ. ૨૧૭
ભાવાતમ સો દેખીએ, કર્મ મર્મકો નાશ;
જો કરૂણા ભગવંતકી, ભાવે ભાવ ઉદાસ ૨૧૮
પરમ અધ્યાતમને લખે, સદ્ગુરૂ કરે શુભ સગ,
તિણકુ ભવ સફલો હોઇ, અવિહડ પ્રગટે રંગ ૨૧૯
ધર્મધ્યાનકો હેત યહ, શિવ સાધનકો ખેલ;
એસો અવસર કબ મલે, ચેત સકે તો ચેત. ૨૨૦
વક્તા શ્રોતા સવિ મલે, પ્રગટે નિજ ગુણ રૂપ;
અખય ખજાનો જ્ઞાનકો, તિન ભુવનકો ભૂપ. ૨૨૧
અષ્ટ કર્મ વનદાહિકે, તપ સિદ્ધ જિન ચંદ;
તાસ સમો અપ્પાગણે, તાકુ વંદે ઇંદ ૨૨૨
કર્મ રોગ ઔષધ સમી, જ્ઞાન સુધારસ વૃષ્ટિ;
શિવ સુખ અમૃત સરોવરી, જય જય સમ્યગ્ દૃષ્ટિ ૨૨૩
જ્ઞાન વૃક્ષ સેવો ભવિક, ચારિત્ર સમકિત મૂલ,
અમર અગમ ફલપદલ હો, જિનવર પદવી ફૂલ. ૨૨૪
જો ચેતે તો ચેતજે, જો બૂજે તો બૂજ;

ખાનારા સહુ ખાયસે, માથે પડસ્યે તુજ. ૨૨૫
આપ સવાર્થ સહુ મિલ્યુ, ન કરે તુજ કોઇ સાર;
પરમારથ જાણ્યો નહીં, ભુલ્યો તુંહિ ગમાર. ૨૨૬
પરમારથ જબ જાણીયો, ચિહુ ગતિ દિખઇ પાસ,
પજાજવ સવિ દૂર લેખવે, આપહી રહે ઉદાસ. ૨૨૭
નિરાસપણે ચિત્ત ઠરે યદા, આપહિ મગ્નતા હોય;
મુહૂર્ત એક રહે મગ્નતા, સાંતરસ પાવે સોય. ૨૨૮
કાયા વચન મન ત્યાગ કરી, આપહિ જ્યોતિ જગાવ;
ઘાતિ કર્મકું ખય કરી, કેવલ લચ્છી પાવ ૨૨૯
અનંત અતિશય તસ હુવા, લોકાલોક પ્રકાશ,
ભવ્ય જીવ પ્રતિ બૂજક, પૂરે શિવપુર વાસ. ૨૩૦
કર જાણે સો જગત હે, ઉપશમાવે સંત,
જસ ઘટ રીસ ન ઉપજે, તે સદા ભગવંત ૨૩૧
ઉદાસીનતા સરલતા, સમતા રસ ફલ સાખ,
પર કથનીમા મત પડો, નિજ ગુણ નિજમા રાખ ૨૩૨
જાણ્યું તો તેહનું ખરૂ, મોહે નવિ લિપાય;
સુખ દુઃખ આવે જીવને, હર્ષ શોક નવી થાય. ૨૩૩
આ ભવ જો સમજો નહી, પડસે વાત ઉધાર;
ફરી તે મલવું દોહિલું, ભમતાં ભવ અપાર. ૨૩૪
મુરખ નર જાણે નહી, ખિણ લાખીણો જાય;
કાલ અચિંત્યો આવસ્યે, સરણે કો નવી થાય. ૨૩૫
અવસર આવે અવસ્ય કરે, અવસર આવે મત ભૂલ;
અવસર ચૂકયા જે નર, તે માણસ કોડી મૂલ. ૨૩૬

નરભવ ચિંતામણિ સમો, જીવ તું એલે મહાર;
જિનશાસન મન થિર કરી, જીવ તું આપ સંભાલ. ૨૩૭
ભોગ ભલા તે નર લહે, હર્ષે દીજે દાન,
સમકિત સહિત શિવપદ લહે, અનંત સુખનો ઠામ ૨૩૮

*શ્રી મણિચંદ્રકૃત.

ચોપાઇ.

મિચ્છત કહીએ જે કુતત્ત્વવાસના, યથાસ્થિતિ ભવ નાવે આસના;
દ્રવ્ય યજજવ વિપર્યાસ ધરાવે, અનતાનુબંધી હઠ કરાવે. ૧
ગુણવંત જાણ્યો તુહે દ્વેષ આવે, મુહુર્તથી માંડી જાવજીવ કહાવે,
અનંતાનુબધીઓ ક્રોધ તે થાવે, ભવાનુબધી તે દુર્ગતિ પાવે ૨
ગુણવંત પ્રતિ દેખે આપથી હીણા, અવગુણ આગલિ કરી જુઈ દીણા,
માન ચઢયો નિજ પરાક્રમ બોલે, દુર્ગતિ તણુ બારણુ તે ખોલે. ૩

આ ચોપાઇવાળા પદમા અધ્યાત્મજ્ઞાની શ્રી મણિચદ્રજીએ સમકિતી અને મિથ્યાત્વીના લક્ષણો દર્શાવ્યા છે મિથ્યાત્વીને ગુણવતપર દ્વેષ પ્રગટે છે અને તે મુહુર્તથી પ્રારભી યાવજ્જીવ પર્યત રહે છે. મિથ્યાત્વી જીવ પોતાને ગુણવતો કરતા મહાન દેખે છે અને ગુણવતોને પોતાનાથી હીન દેખે છે, મિથ્યાત્વી અન્ય જીવોના અવગુણોને

* શ્રી મણિચદ્રજી મહારાજ અમદાવાદમા સારગપુર તળીયાની પોળમા રહેતા હતા અમદાવાદમા પ્રસિદ્ધ નવી કાકી જે કહેવાય છે તેમના પતિએ શ્રી મણિચદ્રજી પાસે અભ્યાસ કર્યા કહેવાય છે શ્રી મણિચદ્રજી કૃત કેટલીક સજ્ઝાઓ અને પદો છપાઇ ગયા છે અવશેષ કેટલાક પદો મળી આવવાથી અત્ર તેનો ઉતારો કરવામા આવેલ છે.

ધર્મ થોડા કરી બહુત પ્રકાશે, આપ ઇમ જાણે મોરો જસ ભાસે;
ધર્મ દેખાડી ઠગે બહુ લોક, અનતાનુબંધી માયા કરે ફોક. ૪
પરવસ્તુ અપની કરીને માને, તનમેં રગાઇ રહ્યો નીચ ઠાણે;
લોભસાગર પૂરો નવી થાવે, તૃષ્ણાએ કરી દુર્ગતિ જાવે. ૫
એ અનંતાનુંબંધી કહ્યા ચાર, એકની મુખ્યતા ગુણીતા ત્રણ ધાર;
નરક નિગોદ લ્હોચાડે ભાઇ, હારી જાઇ આપણી ઠકુરાઇ ૬
યથાસ્થિત ભાવ ઉપરે મનરંજે, ગુણ જાણ્યા પછી તેહને નહિ ગંજે;
ધર્મમાં માયા ન કરે પુણ્યવંત, ભણે મણિચંદ્ર પરવસ્તુ મ સંચ. ૭

રાગ કેદારો.

ચેતના ચેતનકું સમજાવે, અનાદિ સ્વરૂપ જણાવેરે;
સુમતિ કુમતિ દો નારી તાહરે, કુમતિ કહે તિમ ચાલેરે ચેતના. ૧
કુમતિ તણો પરિવાર છે બહુલો, રાત દિવસ કરે ડોહલોરે.
વિષય કષાયમાં ભીનો રહેવે, નવિ જાણે તે ભૂલોરે ચેતના ૨

આગળ કરે છે અને તેઓના સદ્‌ગુણોને આચ્છેદે છે મિથ્યાત્વી અલ્પ ધર્મ કરીને ઘણો કર્યો એમ અન્યોની આગળ પ્રકાશે છે. મિથ્યાત્વી કપટ ઉપર ઉપરથી ક્રિયાડબરે ધર્મ દેખાડીને પરને વચવા પ્રયત્ન કરે છે. સમકિતી ધર્મનુષ્ઠાનમા કપટ કરતો નથી સમકિતી અન્ય જીવોના સદ્‌ગુણોને ગ્રહણ કરે છે અને વસ્તુને વસ્તુપણે દેખે છે ઇત્યાદિ.

આ પદમા શ્રી મણિચદ્રજી મહારાજે સુમતિ અને કુમતિના પાત્રપૂર્વક આત્માને ઉપદેશ કરીને સુમતિના ઘેર રહેવા આત્માને વિવેક કરાવે છે અને કુમતિની અસારતા અવબોધાવી તેના વશમાં ન રહેવુ એમ આત્માને પ્રબોધે છે. શ્રી મણિચદ્રજી પોતાના આત્માને સબોધે છે કે હે આત્મન્ ! કુમતિનો બહુ પરિવાર છે અને તે તને રાત્રી દિવસ વિકલ્પ સકલ્પ કરાવીને દુખી કરે છે, કુમતિનો પરિવાર તને

સુમતિ મિલવા નવિ દિયે તુજને, મોહની છાકે રાખ્યોરે,
ભક્ષ્યાભક્ષ્ય તુજને કરાવે, અનંતકાલ તાંઈ રાખ્યોરે. ચેતના. ૩
અવસર પામી ચેતના બોલી, પ્રભુ સુમતિને ઘેર રાખોરે;
કુમતિને મુખે મીઠાઇ દેઈ, સુમતિ તણા ગુણ ચાખોરે. ચે. ૪
ઇણે અભ્યાસે દેસિ વ્રતી આવે, અવસરિ કુમતિને છાંડેરે;
સુમતિ તણું વાધ્યું જાણી, સંયમ શ્રી તવ આણેરે. ચેતના ૫

વિષય કષાયમા તન્મયતા કરાવે છે પણ તું તેના સંગે પોતે ભૂલ્યો છુ એમ સવેદી શકતો નથી. કુમતિએ તને એવી રીતે વશમા કરી લીધો છે કે તને સુમતિ સાથે મેળાપ પણ કરવા દેતી નથી હે ચેતન ! તને મોહની છાક એવી ચઢી છે કે તું સુમતિનુ સ્વરૂપ અવબોધવા સમર્થ થઇ શક્યો નથી. કુમતિના સગે અભક્ષ્ય ભક્ષણ તું કરે છે આવી રીતે તારો અનન્તકાળ વહી ગયો. અવસર પામીને ચેતન પોતાના આત્માને કથે છે કે હે આત્મસ્વામિન્ ! તમારો વાસ હવે સુમતિના ઘેર રાખો. કુમતિના મુખે મીઠાઈ દઈને સુમતિના સદ્-વિચારોમાં તલ્લીન બની આનન્દ રસ આસ્વાદો. આત્મસ્વામિન્ ! આ પ્રમાણે સુમતિની પાસે રહેવાનો અભ્યાસ સેવશો તો **વિરતિ** તમારી પાસે આવશે અને તે તમને નિરૂપાધિમય સુખની વાનગી ચખાડીને તૃપ્ત કરશે કે જેથી તમો સત્ય સુખના માર્ગમા અવધૂતયોગી બનીને રહેશો. હે ચેતનજી ! **વિરતિ**ની પાસે તન્મય બનીને રહેશો ત્યારે **મુક્તિ**નો મેળાપ તમને અવશ્ય સુમતિ કરાવી આપશે ચેતન પોતાના સ્વરૂપે શુદ્ધ થાય છે ત્યારે તે નિર્ભય સ્થાનક પ્રાપ્ત કરે છે એમ હે ચેતન ! તમો પરિપૂર્ણ લક્ષ્યમા રાખીને હવે પોતાના શુદ્ધ સ્વરૂપમા તલ્લીન બનો. શ્રી મણિચન્દ્રજી મહારાજ પોતાના આત્માને પ્રબોધે છે કે સુમતિ અને કુમતિનું આવું પટતર જાણીને પોતાના ગુણ જાણો અને તેમા રમણતા કરો એટલે આપોઆપ પરમાત્મારૂપ દેખાશે.

સુમતિ સ્ત્રી પરિવારે વાધી, તબ મુકિતવધૂ મેલાવેરે,
આપ સ્વરૂપે ચેતન થાવે, તબ નિર્ભયસ્થાનક પાવેરે. ચેતના. ૬
આપ સ્વરૂપ યથાસ્થિત ભાવે, જોઇને ચિત્ત અણોરે,
કુમતિ સુમતિ પટંતર દેખી, ભણે મણિચંદ્ર ગુણુ જાણોરે. ચે. ૭

ભાવાર્થ—અધ્યાત્મ રસમગ્ન શ્રી મણિચંદ્રજી મહારાજ આ સસારની અસારતાનો પૂર્ણ નિશ્ચય કરીને વિવેક અને જ્ઞાનથી પ્રબોધે છે કે, આ સંસારમા કોઈ કોઇના કાર્ય માટે નથી. મૂઢ જીવ મોહ વડે પોતાનુ આયુષ્ય વ્યર્થ ગુમાવે છે અને જે સુખનો માર્ગ છે તેનાથી પરાઙ્મુખ રહે તે. શબ્દ–રૂપ–રસ–ગંધ અને સ્પર્શ વિષયોમા શુભ અને અશુભતાને માની પરવસ્તુમા મિથ્યા મુઝે છે. ચેતન એ પોતે ચૈતન્ય સ્વભાવ વિશિષ્ટ છે છતા જડના સ્વભાવમાં ચેતન મુઝાયો એ પણ એક આશ્ચર્ય છે. ચેતન અજ્ઞાનયોગે જડસ્વભાવમા મુઝાઈને યથાસ્થિત વસ્તુ સ્વભાવને અવબોધી શક્યો નહિ તેમજ ચેતન પરવસ્તુઓમા મારૂં તારૂં કરીને રાચી રહ્યો. અહો ! ચેતન થઇને જડમા મુઝાયો અને પોતાનામા રહેલા શાન્ત રસને તે જાણી શક્યો નહિ. જ્યારે ત્યારે પણ ચેતન સ્વરૂપમા આવ્યા વિના અનન્તાનન્દમય થઈ શકવાનો નથી. જડની સગતિ કરવાથી આત્મામા જડતા વ્યાપી રહી છે અને તેથી જ્ઞાનમાર્ગ ઢંકાઇ રહ્યો છે. અહો આત્મા એવો જડ અજ્ઞાની બની ગયો છે કે જે મન–વચન અને કાયાના યોગે જે જે કરે છે તેમા હું કરૂં છું એવી અહંવૃત્તિ ધારણ કરે છે અને તેથી પરભાવનો કર્ત્તા હર્તા બનીને કર્મ ગ્રહણ કરે છે. અજ્ઞાનત્વથી યોગ અને કષાયથી પોતાને ભિન્ન જાણી શકતો નથી યોગવડે અને રસવડે પોતાના આત્માના અસખ્ય પ્રદેશોમા કર્મરૂપ જડને બાંધે છે અને તેથી સ્વકૃત કર્મને ભવોભવમા નાના અવતારો ધારણ કરીને ભોગવે છે. યોગથી પ્રદેશબન્ધ પડે છે અને કષાયથી રસ સ્થિતિ બંધ

રાગ ઉપર પ્રમાણે.

કોઇ કિનકું કાજ ન આવે, મૂઢ મોહે વેલા ગમાવેરે;
શબ્દ રૂપરસ ગંધ ફરસાવે, શુભશુભ દુ ખ સુખ પાવેરે. કોઇ. ૧
જડ સ્વભાવ ચેતન મુઝયો, યથાસ્થિત ભાવ ન બુઝયોરે;
તેરી મેરી કરતો અલુઝયો, શાન્તરસ ભાવ ન સુજયોરે કોઇ ૨
જડકી સંગતે જડતા વ્યાપી, જ્ઞાનમારગ રહ્યો ઢાંકીરે;
યોગ કરે તે આપે જાણે, હુ કરતા કહે થાપીરે. કોઇ ૩

પડે છે. આત્મા પરસ્વભાવે રમણુતા કરવાથી પરનો કર્તા હર્તા બનીને ભવભ્રમણુ કર્યા કરે છે. જ્યારે આત્માને સત્ય વિવેક પ્રગટે છે ત્યારે સર્વ જડ પદાર્થોથી હુ ભિન્ન છુ અને બાજીગરની બાજી સમાન સર્વ દૃસ્ય પ્રપચ ધૂળ જેવા છે એમ ભાસે છે. કર્મના ઉદયથી બાહ્ય શુભાશુભ સબધ પ્રગટે છે તેમા કોઇ શુભાશુભ દશા તથા તેના સબધો સદા રહેતા નથી. આ પ્રમાણે આત્મા પોતાના સ્વરૂપમા રમે છે ત્યારે તેને કામ ભોગની વાચ્છના રહેતી નથી શ્રી મણિચદ્રજી જણાવે છે કે જ્યારે આત્મા અને જડ વસ્તુને યથાસ્થિત ભાવે જાણવામા આવે છે ત્યારે સુખને સુખરૂપ જાણે છે અને સ્વભાવ રમણુતામા સુખ માની તેમા રમે છે

સારાશ—જેણે પોતાના આત્માને અનુભવ્યો છે તે ચાર યમને દેખી શકે છે. ૧ ઇચ્છા, ૨ પ્રવૃત્તિ, ૩ સ્થિર અને ૪ સિદ્ધયમનુ સ્વરૂપ અવબોધીને ધર્મપ્રવૃત્તિમા સ્વમનને જોડીને યોગના શબ્દાર્થને સિદ્ધ કરે છે. યોગીને પ્રથમ યમમા અહિસાદિકની વાર્તા કરતા અને શ્રવણુ કરતા મીઠી લાગે છે. જિનની આજ્ઞા આરાધવાપર તે પ્રેમને ધારે છે અને અવશેષ અન્ય બાબનો તેને અનિષ્ટ લાગે છે. દ્વિતીય-યમમા પ્રવૃત્ત યોગી ઝાઝી એવી પ્રમાદ દશા તેને હોય છે તથાપિ

ચોગ કષાય ન જુદા જાણે, ચોગે પ્રકૃત પ્રદેશ જડ બાંધેરે;
કષાય રસ સ્થિતિનો કર્ત્તા, સંસાર સ્થિતિ બહુ વાધેરે. કોઇ. ૪
સર્વ પદારથથી હું અલગો, એ બાજીગરકી ધૂલિ બાજીરે;
ઉદયાગતિ ભાવે એ નીપજે, સંસાર બાત નહુકો સાજીરે. કોઇ. ૫
અન્તરાતમ તે નર કહીએ, કામભોગ નવી ઇચ્છેરે;
ભણે મણિચંદ્ર યથાસ્થિત ભાવે, સુખ દુ ખાદિકને પ્રીછેરે કોઈ. ૬

તત્ પરિહાર કરવા અને યમ પાળવાને તત્પર બને છે તે જીનેશ્વરની આજ્ઞામા મગ્ન રહે છે. ત્રીજા યમમાં યમી યોગી પોતાના આત્માની રતિમા વિહરના પ્રવૃત્તિ કરે છે અને પૌદ્ગલિક રતિ અને તેના હેતુ-ઓથી નિવૃત્ત થઇ અપ્રમત શુભરૂપે બને છે અને બાવીશ પરિષહરૂપ શત્રુઓને અપ્રમત્તદશામા રહીને જીતે છે અને પોતે શાન્તસ્વરૂપ બને છે. જ્યારે ચોથી યમની દશાને પ્રાપ્ત કરનાર યોગી બને છે ત્યારે પરમાત્માની શુદ્ધ દશા સાધવાને માટે પ્રવૃત્ત થઇને અપ્રમત દશાએ શુદ્ધ પરમાત્મા સ્વરૂપ પોતાના આત્મામા પ્રગટાવે છે અને પોતાના આત્માને પરમાત્મરૂપે બનાવે છે પોતે કર્મ કલંકથી રહિત શુદ્ધ બને છે. **इच्छा, प्रवृत्ति, स्थिर** અને **सिद्ध** આ ચાર યમી જીવને અનુક્રમે આરાધના થાય છે **इच्छा** વિના પ્રવૃત્તિ હોતી નથી અને પ્રવૃત્તિ વિના સ્થિરત્વ પ્રાપ્ત થતુ નથી અને સ્થિર યમ વિના **सिद्धयम**-ની પ્રાપ્તિ થતી નથી. ઉત્તરોત્તર યમ પ્રતિ પૂર્વ યમને કારણતા છે એમ સિદ્ધ થઈ શકે છે. **इच्छा, रूचि, प्रेम, राग, स्नेह, लगनी** આદિ પર્યાયો છે વીતરાગના વચનો શ્રવણ કરવાની ઇચ્છા થવી એ મહાપુણ્યોદયથી બને છે. શ્રી વીતરાગ પ્રભુના વચન શ્રવણ કરવાની ઇચ્છા થતા સમ્યકત્વનો માર્ગ ખુલ્લો થાય છે. ઇચ્છા છે ત્યાં માર્ગ છે અને ત્યા પ્રવૃત્તિ છે એ સૂત્ર વારવાર માનનીય છે. ઇચ્છા યમની

રાગ આશાવરી.

અનુભવ સિદ્ધ આતમ જે હોવે, યમ ચતુષ્ટય જોવેરે;
ઇચ્છા પ્રવૃત્તિ સ્થિર સિદ્ધ યમમાં, બીજે શક્તિ ચિત્ત જોડેરે. અ. ૧
પ્રથમ યમે અહિંસાદિક વાર્તા, કરતાં સુણતાં મીઠીરે;
જાણે જિનની આણ આરાધક, બીજી વાત અનીઠીરે. અ. ૨

પ્રાપ્તિ થતા પ્રવૃત્તિ યમની પ્રાપ્તિ થાય છે. ઇચ્છાની સાથેજ પ્રવૃત્તિ યમની પ્રાપ્તિ થવી એવો એકાન્ત નિયમ બાંધી શકાય છે. ઇચ્છા યમની સિદ્ધિની સાથે કેટલાક જીવોની પ્રવૃત્તિ યમની સમ્મુખતા પ્રાપ્ત થાય છે અને કેટલાકોને અવિરતિના ઉદયથી થતી નથી. પ્રવૃત્તિ યમની સિદ્ધિ થતા સ્થિરતા આવે છે. ધર્મ પ્રવૃત્તિ એ કારણ છે અને સ્થિરતા એ કાર્ય છે. ધર્મ પ્રવૃત્તિના ગુણ સ્થાનકમા વ્યવહારનયની અપેક્ષાએ અનેક ભેદો પડે છે પ્રવૃત્તિ યમમા પ્રમાદ દશા ઝાઝી હોય છે. છઠ્ઠા ગુણ સ્થાનક પર્યંત પ્રવૃત્તિ છે. ધર્મ પ્રવૃત્તિવડે જ્યારે સ્થિર યમ થાય છે ત્યારે સાધુપથ મહાવ્રતમા સ્થિર રહે છે અને બાવીસ પરિષહોને જીતી ચોથા સિદ્ધ યમને પ્રાપ્ત કરી સુખમય થાય છે.

ભાવાર્થ—વસ્તુને વસ્તુના ધર્મ પ્રમાણે યથાસ્થિત દેખવાથી સમ્યક્ત્વ દર્શનની પ્રાપ્તિ થાય છે. જે વસ્તુ જે જે પર્યાયોવડે જેમ યુક્ત હોય તેને તેમ દેખવાથી સમ્યકત્વ દર્શન ગણી શકાય છે જેવી રીતે જિને દ્રવ્ય પર્યાયોનુ સ્વરૂપ દર્શાવ્યુ છે તેવી રીતે દ્રવ્ય અને પર્યાયોનુ સ્વરૂપ અવગત કરવાથી સમ્યકત્વ પ્રાપ્ત થાય છે. કર્મરૂપ પર્યાયોને શ્રી કેવલજ્ઞાનીએ જેવી રીતે જ્ઞાનમા દીઠા છે તેવા તે ઉદયમા આવે છે. કર્મવિપાકના બાહ્ય નિમિત્તો ખરેખર દ્રવ્ય ક્ષેત્રકાલ અને ભાવની અપેક્ષાએ વ્યવહારથી અનેક રીતે દેખાય છે પરંતુ તથાવિધ કર્મ રૂપ કારણ તો પોતાની પાસે છે. તેનો વિપાક ભોગવતા

બીજે યમે પ્રવૃત જિન આણા, પ્રમાદ દશા તસ ઝાઝીરે;
યમ પાલવાને તત્પર યોગી, જિન આણામાં માઝીરે. અ. ૩
ત્રીજે યમે યમિની રતિઆરી, અપ્રમત્ત શુભ રૂપરે;
પરિસહા પરિવયરી તે પાસે, હોવે તે શાન્ત સ્વરૂપરે. અ. ૪
સિદ્ધયમ તે ચોથો કહીએ, પરાર્થક સાધક શુદ્ધરે,
ભણે મણિચંદ્ર યોગ દૃષ્ટાન્તતં, વચન શ્રી હરિભદ્ર બુદ્ધરે. અ. ૫

સમભાવે વર્તવાની જરૂર છે. સમ્યગ્દર્શની કર્મવિપાકને દેખી તેનાથી પોતાના આત્માને ભિન્ન માનીને આન્તરિકોપયોગથી ઉદાસીન રહે છે. અર્થાત્ તટસ્થ ભાવથી હર્ષ શોક નહિ ધારણ કરતા તે તે કાળે પ્રાપ્ત થનાર કર્મવિપાકોને અદીનભાવે વેદે છે. બાહ્ય નિમિત્તે કેચિજ્જીવો દુઃખપ્રદ તરીકે દેખાતા હોય તથાપિ તેઓનાપર દ્વેષાદિકને ધારતો નથી અને તેમને દોષ દેતો નથી. આવી સમ્યગ્દષ્ટિ જીવની આન્તરિક વિવેક શક્તિ હોય છે. કર્મવિપાકો ભોગવતા છતા સમ્યગ્દષ્ટિ જીવની દશા હોય છે તે આ ઉપરથી અવબોધાઈ શકાશે. શ્રી મણિચંદ્રજી મહારાજ સમ્યગ્દર્શનની દશા જણાવીને આગળ જણાવે છે કે હું કર્ત્તા છુ એવુ પરમા માનતા કર્મ બંધાય છે, અહંવૃત્તિ પ્રગટવાથી કર્મ બંધાય છે અને બંધાયલા કર્મો સત્તાગત રહે છે અને ઉદયના નિમિત્તો પામીને ઉદયાગત થાય છે. કોઈ પણ ઉદીરણા કરીને કર્મને ઉદયમા લાવી ભોગવે છે. બંધ વેળાએ કષાયથી જેવો રસ પડે છે તેવો કર્મોદયમા રસ હોય છે અને તે વેઠવો પડે છે. ઉત્કૃષ્ટ ભંગે કર્મ નીકાચ્યા ન હોય તો તે તપશ્ચરણ ધ્યાનાદિવડે બંધમાથી ટળી જાય છે. ઉત્કૃષ્ટ ભંગે નિકાચિત કર્મ બાંધ્યાં હોય છે તો તે ભોગવ્યા વિના છૂટકો થતો નથી. નિકાચના વિના પણ કોઇ કર્મ ઉદયમા આવે છે. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ મળતા કર્મ ઉદયમાં

સમકિત તેહ યથાસ્થિત ભાવે, જેહ યમ પજજવ હુઇ સ્વભાવે;
તેહ પજજવ જિન દેખે નાણે, ઉદય વેળા તે આવે ટાણે. સ. ૧
બાહ્ય નિમિત ઘણી રીતે ભાસે, પણ તથાવિધ કારણ છે પાસે;
તે દેખી ઉદાસી ન રહેવે, કોઇને દોષ તેહ નવિ દેવે. સ ૨
હું કર્ત્તા માને કર્મ બધાય, તેહ કર્મસત્તા વઇ થાવે;
ઉદય માફિક બધ ઉદય આવે, તેહ વિના કેઇ ઉદીરણા પાવે સ ૩

આવે છે અને દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવે વિપાક ભોગવીને પૂર્ણ કરાય છે. કર્મવિપાક પૂર્ણ થવાને યોગ્ય દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવની પ્રાપ્તિ થાય ત્યા સુધી કર્મ વિપાક ભોગવવો પડે છે માટે હે ભવ્ય જીવો! તમે કર્મવિપાક ભોગવતા મુઝાઇ જાઓ નહિ. શુભાશુભ કર્મવિપાકો ભોગવતી વખતે હર્ષ અને શોકનો ત્યાગ કરીને સમભાવને ધારણ કરો અને કર્મના યથાસ્થિત ભાવને જાણીને મનને સમભાવમા રાખો એમ શ્રી મણિચદ્રજી કયે છે. સમ્યકત્વ દર્શનની આવી દશા જાણીને આત્મજ્ઞાની મહાપુરૂષ સાસારિક સબધોમા સમભાવને ધારણ કરીને અતરથી આત્મસ્વભાવમા રમણતા કરે છે અને અધિકાર પ્રમાણે પ્રવૃત્તિ કરે છે.

ભાવાર્થ—શ્રી મણિચદ્રજી મહારાજ પોતાના આત્માને સબોધે છે કે હે ચેતનજી! તમે આ દુનિયાની સર્વ વસ્તુઓથી ભિન્ન છો પરદ્રવ્યરૂપ સર્વ વસ્તુઓ કદાપિ પોતાની થઇ નથી, થતી નથી અને થવાની નથી જ્યારે આ પ્રમાણે વસ્તુ સ્થિતિ છે ત્યારે તુ પરવસ્તુઓપર અહ મમત્વ કલ્પનાથી કેમ પ્રેમ ધારણ કરે છે? અલબત્ત તારે પર જડ વસ્તુઓપર પ્રેમ ન ધારણ કરવો જોઇએ. જે કર્મ વડે ચેતનજી તમે બધાયા છો તેથી તમે પોતાની ઠકુરાઇ અર્થાત્ પ્રભુતા

નિકાચના વિણુ બંધ ખીરી જાવે, નિકાચનાવણુ કોઈ ઉદયે આવે;
બ ધ વેલાએ જેવો રસ હોઇ, ઉદય વેલાએ તેહવો તિહાં સોઇ. સ. ૪
દ્રવ્યક્ષેત્ર કાલભાવ મિલે આવે, તવ વિપાકતે પૂરો થાવે,
તેણે કારણે તુમે સમતા આણો, ભણે મણિચંદ્ર યથાસ્થિત જાણો. સ.

રાગ આશાવરી.

ચેતન તુમ હો આપહિ ન્યારા, પરવસ્તુ ઉપર ધરે કયા પ્યારા,
જિણે કરી બંધાણા ભાઈ, હારી મૂકી આપણી ઠકુરાઇ ચેતન. ૧
માયા કરી પાસમાં તુમ પાડ્યા, મુખ મીઠાઈ દેઇ ભમાડ્યા,
છાડશો નિદ્રા જબ મોહ કેરી, તો જાણે શો એ દુર્ગતિ ફેરી ચે. ૨

હારી ગયા છો અને **सर्वं परवशं दुःखं** એ સ્થિતિને પ્રાપ્ત થયા છો. મોહે તમને માયાવડે પાશમા પાડયા છે એમ હે ચેતનજી તમે નિશ્ચયત અવબોધો હે ચેતનજી ! તમને મોહે મુખે મીઠાઇ દેઇને ભમાડ્યા છે–ભમાવ્યા છે. તમે જ્યારે મોહની નિદ્રાનો ત્યાગ કરશો ત્યારે જાણશો કે અરે મોહમા ફસાવાથી દુર્ગતિ ભ્રમણુ કરવુ પડે છે જ્યા સુધી મોહના વશમા પડી રહેવાનુ છે ત્યાસુધી આગમોનો અભ્યાસ કરીને આગમી એવુ નામ ધરાવવુ અથવા માનરૂપ હસ્તિપર ચઢીને વાક્પાટવથી ઉપદેશ કરવો તે સર્વ મિથ્યા છે એમ ચેતનજી માનો ક્ષયોપશમ વિના ધર્મની બહુ ક્રિયાઓ કરી તેનુ ફળ એટલુ થયુ કે તેથી સુરપદવીની પ્રાપ્તિ થઇ પણ સિદ્ધ ગતિની પ્રાપ્તિ થઇ નહિ. સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનની પ્રાપ્તિ વિના ભૂતકાળમા બાહ્ય ધર્મ ક્રિયાઓ વડે સુરપદવીઓ પ્રાપ્ત કરી અને ભવિષ્યમા પ્રાપ્ત કરી શકાશે પરન્તુ તેથી ભવભ્રમણનો અ ત આવનાર નથી એમ શ્રી મણિચદ્રજી મહારાજ પ્રબોધે છે સમ્યગ્દર્શન અને સમ્યગજ્ઞાન પ્રાપ્ત કરીને મોહથી વિરામ પામવારૂપ વિરતિ

આગમ પઢી આગમી નામ કીના, માને ચઢી ઉપદેશ બહુ દીના;
ક્ષયોપશમ બીન કિરિયા બહુ કીની, તાકો ફલ સુરપદવી લીની. ચે.
જબ તાંઈ પ્રમાદદશા નવિ જાવે, તબ તાંહી તુમ સંસાર ભમાવે;
મોહપિશાચ તુમ દુ:ખ દેખાવે, અપ્રમત્ત ચાબક રૂડિ હાથે આવે.ચે.
ઉદયાગત વસ્તુ યથાસ્થિત ભાવો, બંધ નિકાચનનો નહિ કોઈ દાવો;
ભણે મણિચંદ્ર ઇમ કર્મ ખપાઇ, જિમ પામો અપની ઠકુરાઇ. ચે. ૫

ચારિત્ર્યની પ્રાપ્તિ કરવી જોઇએ. પરવસ્તુઓમા થતી ઇચ્છા રમણતા-રૂપ રતિથી વિરમીને આત્મ ધર્મ ચારિત્ર્યમા આત્મ વીર્યને પરિણમન-વાની જરૂર જ્ઞાનીઓએ સ્વીકારી છે. આત્મ ધર્મમા રતિ કરવામા પ્રમાદ નડે છે જ્યા સુધી પ્રમાદ દશા નડે છે ત્યા સુધી પ્રમાદ પોતાના બળવડે જીવને સસારમા પરિભ્રમાવે છે અને અસહ્ય નાના દુખો વડે આત્માને પીડે છે હે ચેતનજી! તમને મોહરૂપ પિશાચ દુખ દેખાડે છે અર્થાત્ મોહપિશાચના વશમા થવાથી અનેકશ દુખો પોતાને દેખવા પડે છે જ્યારે અપ્રમત્ત ચાબુક વડે મોહપિશાચને મારવામા આવે છે ત્યારે મોહપિશાચને જીતી શકાય છે હે ચેતનજી! તમે કર્મોદય વસ્તુને યથાસ્થિત ભાવો અર્થાત્ વિચારો અને કર્મવિપાકો ભોગવતી વખતે આત્માને આત્મ સ્વભાવે જાણો અને તે પ્રમાણે સમભાવે વર્તો કે જેથી નિકાચિત કર્મ બાધી શકાય નહિ હે ચેતન! તમે સમભાવે વર્તો તો નિકાચિત કર્મ બાધવાનો દાવો રહી શકે નહિ. શ્રી મુનિરાજ મણિચદ્રજી કચે કે આ પ્રમાણે સમ્યગ્દર્શન જ્ઞાન સમભાવ વર્તવાથી કર્મનો નાશ થતા ચેતનજી તમે પોતાની પ્રભુતા પામી શકો.

વાચક શ્રી યશોવિજયજી કૃત*

પદ.

ગુરૂપ્રશાદ આતિમરતિ પાઇ, તામેં મનભયો લીન;
ચિદાનન્દઘન અબહુઇ બેઠે, કાહુકે નહિ આધીન ૧
ઘટ પ્રગટી સવિસંપદાહો,
ઇંદ્રાણી સમતા પવિધીરજ જસઘટ જ્ઞાનવિમાન,
જબ સમાધિ નંદન વનમે ખેલે, તબ હમ ઇંદ્ર સમાન. ૨
ચક્રરત્ન આયતહે જયણાવિસ્તૃત, શિરપર જ્ઞાનહિ છત્ર;
ચક્રવર્તિકી ચાલિ ચલતુ હૈ, કહા કરિહૈ મોહઅમિત્ર ૩

* ભોજક લલ્લુભાઈ કીશોર વીસનગરવાળાની જુની પોણોસો વર્ષ ઉપરની ચોપડીમાથી શ્રી મણિચંદ્રજીના પદો તથા ઉપા યશનુ પદ લખેલુ હતુ તેનો અત્ર ઉતારો કરવામા આવ્યા છે

ભાવાર્થ—શ્રીમદ્ યશોવિજયજી ઉપાધ્યાય પોતાના હૃદયમા પ્રગટેલા ઉભરાઓને બહાર કાઢતા છતા કથે છે કે—મે ગુરૂની કૃપાએ આત્માની સહજાનન્દરિતિ પ્રાપ્ત કરી છે. આત્માના સ્વરૂપમા મારૂ મન લીન થઈ ગયુ છે. આત્માના સ્વરૂપમા રમણતા કરવી એજ મને હવે ગમે છે. હવે તો અમે ચિદાનન્દઘન થઇ બેઠા છીએ હવે અમે કોઇના અધીન નથી. કોઇની દરકાર રાખીએ એવા અમે નથી શ્રીમદ્ ઉપાધ્યાય કથે છે કે, અમારા હૃદયમા સર્વ સંપદાઓ પ્રગટી છે. અમે આત્મારૂપ ઇન્દ્ર છીએ અને સમતારૂપ અમારી ઇન્દ્રાણી છે. ધૈર્યરૂપ વજ્રને અમે ધારણ કરીએ છીએ. બાહ્યનુ વજ્ર જેમ પર્વતના ચૂરેચૂરા કરી નાખે છે તેમ આત્મારૂપ ઇન્દ્રનુ ધૈર્યરૂપ વજ્ર અનેક પ્રકારના ચિંતા, ભય, વિકલ્પ, સંકલ્પ વગેરે પર્વતોને છેદી નાખે છે.

સુધાકુંડ સમાન બ્રહ્મવચનકે, આએ અનુભવ ભોગ;
નાગલોક ઠકુરાઈ પાઈ, તાથે અધિક કુન જોગ. ૪
ભએ નિસ્તેજ કુદર્શન તારા, નાઠે દુર્જન ચોર;
હૃદય વિવેક દિવાકર ઉદયો, મિટગયો મદનકો જોર. ૫
શુકલપક્ષ અધ્યાતમ ઉદયો, સમકિત ચદ અમંદ;
સકલકલામૃત અમૃતવિલાસી, વરસત હર્ષકે બિન્દુ ૬

આત્મારૂપ ઇન્દ્રનુ જ્ઞાનરૂપ વિમાન છે તે ઉચ્ચુ ઉડે છે તેના પર અમે બેઠા છીએ. અમારો આત્મા ઇન્દ્રરૂપ હોઈને તે સમાધિરૂપ નન્દન વનમા ખેલે છે. આવી દશામા અમે સદ્વિચારો અને સદાચારોવડે અમે ઇન્દ્રસમાન છીએ

ઉપાધ્યાય કહે છે કે અમે ચક્રવર્તિ છીએ ભાવ ચક્રવર્તિની રીતિ પ્રમાણે વર્તતા મોહરૂપ શત્રુ અમારૂ કઇ પણ અહિત કરી શકનાર નથી વિસ્તારવાળી છજીવ યતના તેજ અમારૂ ચક્ર રત્ન છે અને અમારા આત્મારૂપ ચક્રવર્તિ પર જ્ઞાનરૂપ છત્ર ધારણ કરવામા આવે છે આવી આત્માની ચક્રવર્તિ દશામા અમારે કોઈ વાતની કમીના નથી સુધા અર્થાત્ અમૃત કુડ સમાન આત્મ જ્ઞાન વચનથી અમને અનુભવ યોગ પ્રાપ્ત થયો છે તેથી અમોને નાગ લોકની ઠકુરાઈ પ્રાપ્ત થઈ છે. આત્મજ્ઞાનરૂપ અમૃત પીનારા એવા અમારા કરતા નાગલોક કઇ વિશેષ નથી કારણ કે અધ્યાત્મજ્ઞાનરૂપ અમૃત પાનથી અજર અમરરૂપ થઇ શકાય છે

અમારા હૃદયમા આત્મજ્ઞાનરૂપ સૂર્ય પ્રગટતા કુદર્શનરૂપ તારાઓ નિસ્તેજ બની ગયા અને દુર્જનરૂપ ચોરો દૂર ભાગી ગયા કામદેવનુ જોર ભાગી ગયુ. અમારા હૃદયમા શુકલપક્ષરૂપ અધ્યાત્મ જ્ઞાનનો ઉદય થયો છે અને અમન્દ સમ્યકત્વરૂપ ચદ્રનો ઉદય થયો છે અને

દ્રવ્યભાવ પરિણામ ચરણકે, દક્ષિણ ઉત્તરશ્રેણિ;
જસકર વિદ્યાધરપદ પાયો, યાગતિ પાઈ કેણિ. ૭
દર્શન જ્ઞાનચંદ્ર રવિલોચન, સ્થિરતા કમલા કંથ;
સુખસાગરમેં મગન રહતુહે, હમ હરિલચ્છનવંત. ૮
અધ્યાતમ કૈલાસવિરાજે, વૃષભસભા ઉત્તંગ;
વિરતિ ચતુરતા ગંગાગોરી, સેવિત શંકર રંગ. ૯

તેથી સકલ કળાને ધારણ કરનાર અમૃત વિલાસી હર્ષનાં બિન્દુઓ અમારા અસંખ્ય પ્રદેશમા વર્ષી રહ્યા છે.

અમે ભાવવિદ્યાધરની પદવીને ધારણ કરનારા બન્યા છીએ. ચારિત્રના દ્રવ્ય અને ભાવ પરિણામ તે દક્ષિણ અને ઉત્તરશ્રેણિયો જાણવી. શ્રી યશોવિજયજી કહે છે કે મે ચારિત્રના દ્રવ્ય અને ભાવ પરિણામની દક્ષિણ અને ઉત્તર શ્રેણિયો વડે મારા હસ્તમાજ વિદ્યાધર પદ પ્રાપ્ત કર્યુ છે. આવી પદવી કહો–આવી દશા વિના કહો અન્ય કોણે પ્રાપ્ત કરી છે? અર્થાત્ અન્ય કોઇએ એવી પદવી પ્રાપ્ત કરી નથી. સારાશ કે અધ્યાત્મ જ્ઞાનવિના અન્ય કોઇએ એવી પદવી પ્રાપ્ત કરી નથી.

અમે શ્રીકૃષ્ણ અર્થાત્ હરિરૂપ છીએ. અમારો આત્મા હરિ છે. દર્શન અને જ્ઞાનરૂપ ચદ્ર અને સૂર્યરૂપ લોચનને ધારણ કરનાર અને સ્થિરતા રૂપ લક્ષ્મીના અમે સ્વામી છીએ અને સુખ સાગરમા સ્થિરતારૂપ લક્ષ્મીની સાથે આનન્દ કરીએ છીએ આવી દશાએ હરિના લક્ષણવાળા અમો છીએ.

ઉપાધ્યાય કથે છે કે અમારો આત્મા મહાદેવ છે. અધ્યાત્મજ્ઞાનરૂપ કૈલાસ પર્વતપર અમારો આત્મારૂપ શિવ વિરાજે છે. સતોષરૂપ વૃષભના ઉપર અમે બેસીએ છીએ. વિરતિરૂપ ગંગાને અમે

બાહ્યભાવ રચનાકો બ્રહ્મા, ઈમિકારણ મુખહોતિ;
અંતરંગ રચનાકે બ્રહ્મા, હમ ભએ આપ ઉદ્યોત. ૧૦
તીનભુવન વિભુતા અતિ અદ્ભુત, જિનપદ તો નહિ દૂર;
સિદ્ધયોગ અધ્યાતમશક્તિ, પ્રગટિત પુણ્ય અંકુર. ૧૧
ચિંતામણિ સુરતનુ સુરધેનુ, કામકલશ ભયો પાસ;
અષ્ટમહાસિદ્ધિ નવનિધિ નિરખે, આપમેં આપવિલાસ. ૧૨

ધારણ કરીએ છીએ અને ચાતુર્યરૂપ ગોરી (પાર્વતી)ના અમે ધારક છીએ. આ સ્થિતિથી અમારો આત્મારૂપ મહાદેવ આનન્દમા લયલીન રહે છે. બાહ્ય ભાવની રચનાનો કર્ત્તા બ્રહ્મ છે અને અમારા આત્માના અન્તરગ ગુણ સૃષ્ટિના કર્ત્તા બ્રહ્મ છે માટે વસ્તુત અમારો આત્મા બ્રહ્મા છે સ્વય આત્માજ અમારો પ્રકાશ રૂપ થયો અને અમારો આત્માજ બ્રહ્મા છે એમ પ્રકાશીએ છીએ. ત્રણ ભુવનની પ્રભુતા જ્યા અત્યત અદ્ભૂત છે એવુ જિનપદ દૂર નથી. સિદ્ધયોગ રૂપ અધ્યાત્મ શક્તિ છે અને તે અનન્ત પુણ્યાકુરથી પ્રગટ છે ચિન્તામણિ, કલ્પવૃક્ષ, કામકુભ, અને સુરધેનુ ઇત્યાદિ સર્વ અમારામા છે એમ હવે અવબોધાયુ શ્રીમદ્ કયે છે કે અધ્યાત્મજ્ઞાનદષ્ટિએ આત્મજ્ઞાની અષ્ટસિદ્ધિ અને નવનિધિને પોતાના આત્મામા દેખી શકે છે

આ પ્રમાણે જે અમારામા સર્વે ભાસ્યુ તે શ્રી સદ્ગુરુના પ્રતાપે જાણવુ જેણે આ સર્વનુ કારણ જે ધર્મ વ્યવહાર તેને સમાચો. શ્રીમદ્ કયે છે કે જ્ઞાનયોગ ગર્ભિત શુભ ક્રિયાઓ ખરેખર ધર્મના પરમ આધારભૂત છે, જે ધર્મના વિચારો અને આચારોવડે સમ્યગ્ વ્યવહારી થયો તે નિશ્ચય પદને પ્રાપ્ત કરે છે. તત્સબધમા ઉપાધ્યાયજી કયે છે કે નૃપ લછનો જેનામા હોય છે તે મનુષ્ય રાજ્યને પામી રાજા બને છે. તદ્વત્ જે સમ્યગ્ ધર્મ વ્યવહારી બની આત્માના સદ્-

એ પ્રસાદ સવિ સુગુરૂ ભજનકો, જિનદિનો વ્યવહાર;
જ્ઞાનયોગ ગર્ભિત શુભ કિરિયા, ધરમકો પરમાધાર. ૧૩
વ્યવહારી નિશ્ચય પદ પાવે, જ્યું નૃપ લંછન રાજ;
વ્યવહારે નિશ્ચય અનુસરતાં, સીજે સકલહિત કાજ. ૧૪
વાચક જસ વિજયે ઈમ દાખી, આતમસાખિ રુદ્ધિ,
ભાખી સદ્‌ગુરુ અનુભવ ચાખી, રાખીયે કરિ ઘન વૃદ્ધિ. ૧૫

ગુણોને ખીલવે છે તે શિવ રાજ્યને પ્રાપ્ત કરે છે. વ્યવહાર વડે નિશ્ચય ધર્મને અનુસરતા સકલહિત કાર્યની સિદ્ધિ થાય છે વાચક શ્રી યશોવિજયજીએ આત્મ સાક્ષીએ આત્માની ઋદ્ધિને દેખાડી છે શ્રી સદ્‌ગુરુ મહારાજની પાસે રહી અનુભવ જ્ઞાનનો રસ સ્વાદીને આત્મહિત શિક્ષા ભાખી છે તે હિત શિક્ષાને હૃદયમા મેઘની વૃદ્ધિની પેઠે ધારણ કરીએ તો આત્મા ગુણોની ઘણી વૃદ્ધિ થાય

શ્રીમદ્ ઉપાધ્યાયના પદ્યમયોદ્‌ગારથી અવબોધવાનુ કે અધ્યાત્મજ્ઞાન દૃષ્ટિથી પોતાના આત્માની ઉચ્ચતા કરી શકાય છે અને પોતાના આત્મામા અનન્ત સુખ છે એવો અનુભવ કરી શકાય છે. પોતાના આત્મામા વાસ્તવિક સુખ છે એવો અનુભવ પ્રગટતા દુનિયાની મોહ દશાથી પોતાનુ મન પાછુ હઠે છે અને પરવસ્તુઓની પ્રાપ્તિ માટે અનેક પ્રકારની ઇચ્છાઓ, ચિન્તાઓ, ભય, અને શોક વગેરે જે જે મોહ ચાળાઓ થાય છે તે પશ્ચાત્ થતા નથી અને આત્મામા પરમ સતોષ પ્રગટે છે ધર્મ વ્યવહાર સાધક સન્તો અધ્યાત્મ જ્ઞાનવડે આત્મધર્મમા રમણતા કરી સહજ સમાધિ સુખ પ્રાપ્ત કરી શકે છે અધ્યાત્મ જ્ઞાનીઓને આવી અધ્યાત્મ દશાનો અનુભવ આવે છે તેથી તે ઉપર પ્રમાણે ગાય છે.

વાસુપૂજય સ્તવન.

વાસુપૂજ્ય જિનવાસવ પૂજિત, ધ્યાઓ મનને રંગેરે;
જયારાણીએ જિન જન્મ્યો, ઉદ્યોત ભયો સબ લોગેરે. વાસુ. ૧
છપનદિશી કુમરી મિલી ગાયો, ઈંદ્રે મેરૂ સ્નાત્ર કરાયોરે;
આનંદ ઉલટિ ઉચિત નમાયો, પાપ પડલ ફડાયોરે. વાસુ. ૨
વરસ અઢાર લાખ ગૃહવાસે વસીયો, સંયમ લેવા ધસીયોરે,
ઘાતિ કરમકું દૂરિ કરીને, શુદ્ધ નાણ દર્શનનો રસિયોરે વાસુ. ૩
તીરથ થાપી ઉપદેશ દીધા, બહુત જીવ બુજાયારે;
લાખ બહુત વર્ષ પૂરણ થએ, ચંપાનયરી આયારે. વાસુ. ૪
શ્રી ચંપાઈ પંચકલ્યાણક, શિવરમણીને વરીયારે,
સેવક મણિચંદ્ર જિન ગુણ ગાતાં, કાજ સવે તસ સરીયારે. વાસુ. ૫

પંચ પ્રકારનાં અનુષ્ઠાન.

દુહા.

સિદ્ધતણી સુખ આસિકા, અનંત અનંતી હોય;
તે સ્તવના કિમકરી શકું, મુજ અલ્પબુદ્ધિ છે જોય ૧
બ્રહ્મસુતા તુજને સ્તવુ, કરો મુજ બુદ્ધિપ્રકાશ;
જિમ અનુષ્ઠાન પાંચે કહું, પહુચે મનતણી આશ. ૨

શ્રી મણિચંદ્રજી મહારાજ પંચ પ્રકારના અનુષ્ઠાનનું સ્વરૂપ વર્ણવે છે. તેનો સામાન્યત સાર નીચે મુજબ છેઃ-**વિષ-ગરલ**-અન્યોઽન્ય, તદ્હેતુ અને અમૃત એ પંચ પ્રકારના અનુષ્ઠાનમાં **વિષ-ગરલ** અને

વિષગરલ અન્યોઅન્યા, તદ્ધેતુ અમૃત જેહ;
ત્રણ ત્યજે દોઈ આદરે, સિદ્ધગતિ પહુચે તેહ 3
વિષગરલ અનુષ્ઠાનજે, ઇહ પરલોકકી આશ;
અલ્પસુખને કારણે, ચિહુગતિ પૂરે વાસ ૪
હુવે ત્રિજો અન્યોઅન્ય, શૂન્યકાર અનુષ્ઠાન,
કોઇક જીવ ભદ્રકપણે, લહે ફલ પુણ્યનિદાન. ૫

अन्योऽन्य એ ત્રણનો ત્યાગ કરીને આત્મજ્ઞાની **तद्धेतु** અને **अमृत** એ બે અનુષ્ઠાનને આદરે છે. **तद्धेतु** અને **अमृतानुष्ठान**થી સિદ્ધ-ગતિની પ્રાપ્તિ થાય છે આ લોક અને પરલોકના સુખોની આશાએ **विष** અને **गरल अनुष्ठान**ને અજ્ઞાની જીવો સેવે છે. અજ્ઞાની જીવો **विष** અને **गरलानुष्ठान** સેવીને અલ્પસુખને કારણ ચતુર્ગતિ પરિભ્રમ-ણની વૃદ્ધિ કરે છે. હૃદયની શૂન્યતાએ અન્ય મનુષ્યોની દેખાદેખીએ જે અનુષ્ઠાન કરવામા આવે છે તેને **अन्योऽन्यानुष्ठान** કહે છે. કોઈક જીવ ભદ્રક પરિણામથી ધર્મ સબધી અન્યોઽન્યાનુષ્ઠાન સેવીને પુણ્યફળની પ્રાપ્તિ કરે છે. જિનેશ્વરની આજ્ઞાઓના હેતુઓને પરિપૂર્ણ જાણનાર જિનેશ્વરની આજ્ઞાએ જે જે ધાર્મિક અનુષ્ઠાનો સેવે છે, અને ગુરુની સેવાવડે ધર્મ ક્રિયાઓના રહસ્ય સમજીને વિધિપૂર્વક જે જે ધર્માનુષ્ઠાનોને ભવ્યજીવ સેવે છે તે તેને તદ્હેતુનુ અનુષ્ઠાન પ્રાપ્ત થયુ એમ અવબોધવુ. તદ્હેતુ ક્રિયાનો કરનાર ભવ્યજીવ, કર્મના હેતુ-ઓને છેદે છે. અરૂપી એવા સિદ્ધ દ્રવ્યનુ રૂપાતીત ધ્યાનના સેવન-પ્રતિ લક્ષ રાખે છે. પરદ્રવ્યમા સુખની આશા રાખતો નથી પોતાના આત્મદ્રવ્યમા સહજ સુખ છે અને તેને પ્રાપ્ત કરવુ એજ ધર્મક્રિયાઓ કરવાનો મુખ્યોદ્દેશ છે એમ અવબોધીને તદ્હેતુક્રિયાઓને સેવે છે તદ્હેતુક્રિયા કરનાર યોગી પોતાના આત્માને અભેદપણે ધ્યાવે છે અને

તદ્ધેતુને કારણે, જિન આજ્ઞાક્રિયા ધ્યાન;
ગુરુસેવાએ તે લહે, છેદે કર્મ નિદાન. ૬
સિદ્ધ દ્રવ્ય અરૂપી તણો, રૂપાતીત ધર્મ ધ્યાન;
તેહપણે પરગુણ આસિકા, સ્વદ્રવ્ય અતિઈ નિદાન. ૭
અભેદરૂપ ધ્યાતાંથકાં, સ્વદ્રવ્ય નિરખે જોય;
શુકલધ્યાન વળતો લહે, એ પદ્ધતે ઈમ હોય. ૮

સ્વાત્મદ્રવ્યને દેખે છે તદ્ધેતુ ક્રિયામગ્ન યોગી શુક્લધ્યાનને પ્રાપ્ત કરી શકે છે. તદ્ધેતુ ક્રિયા કરવાવાળો યોગી સાત નય અને ચાર નિક્ષેપાથી આત્મદ્રવ્યનુ સ્વરૂપબોધક ભવ્યજીવ પોતાના શુદ્ધગુણોને પ્રગટાવવા જે જે અનુષ્ઠાનો સેવે છે તે તદ્ધેતુક્રિયાઓ અવબોધવી. સત્પદપ્રરૂપણાદિ નવદ્વારથી આત્મદ્રવ્યના ગુણપર્યાયોનો જ્ઞાતા તદ્ધેતુક્રિયાઓના રહસ્યોને અવબોધીને ચિત્તની તલ્લીનતાએ ધર્માનુષ્ઠાનને સેવી પરમાત્મપદ પ્રાપ્ત કરે છે:—આત્માના નિજ પર્યાયમા ચિત્તની રમણતા થવાથી વૈષયિક વિકલ્પ સકલ્પો સ્વયમેવ શાન્ત થાય છે અને આત્મા પરભાવ પરિણતિએ પરિણમતો નથી. આવી તદ્ધેતુ ક્રિયાની યોગ્યતા પ્રાપ્ત કરનાર જીવ સવર અને નિર્જરાતત્ત્વની પ્રાપ્તિ કરી શકે છે અને શુભ ધર્મપ્રવૃત્તિએ પુણ્યાનુબન્ધિ પુણ્યનો બધ કરે છે.

અમૃતાનુષ્ઠાનની યોગ્યતા આત્માના સ્વભાવપ્રમાણે વર્તતા પ્રાપ્ત થાય છે અમૃતાનુષ્ઠાનીયોગી હુ કર્તા આદિ અહવૃત્તિથી રહિત હોય છે. અમૃતાનુષ્ઠાનકારક યોગી ઉદાસીન ભાવે અર્થાત્ રાગદ્વેષ રહિત પરિણામે સર્વને દેખે છે. તેને દુનિયાની વસ્તુઓમા ઇષ્ટાનિષ્ટત્વ રહેતુ નથી. અમૃતાનુષ્ઠાનની પ્રાપ્તિવાળા જીવને સ્થિરા અને કાન્તા એ બે દૃષ્ટિયોની પ્રાપ્તિ થાય છે. પોતાનો આત્મા તેને અમૃતસમાન લાગે છે અર્થાત્ ધર્માનુષ્ઠાનમા આનંદરૂપામૃતનો પ્રકટ ભાવ થાય છે. આત્મ-

સન્તપદાદિપ્રરૂપણા, લહે દ્રવ્યગુણ પર્યવરૂપ;
નયનિક્ષેપ પ્રમાણ કરિ, ભાવે આત્મસ્વરૂપ ૯
નિજપર્યાયમેં ચિત્ત રહે, ન લહે પર્યાઇરૂપ,
પુણ્યાનુબંધી કરે ક્રિયા, ઇહતવે તસરૂપ. ૧૦
હવે અમૃત અનુષ્ઠાનકું, આવે આત્મસ્વભાવ;
હું કર્ત્તા તે નવિગ્રહે, નિરખે ઉદાસીન ભાવ. ૧૧

યોગની ઉચ્ચકોટીપર ચઢતા અમૃતાનુષ્ઠાન કરનાર યોગીને પ્રભા અને પરા દૃષ્ટિ ખીલે છે અને તેથી તે સ્વયમેવ પરમાત્મારૂપ બને છે.

અમૃતાનુષ્ઠાનકારક યોગી ઉદયમા આવેલા કર્મને સમભાવે વેદીને ખપાવે છે પણ શુભાશુભ યોગે શુભાશુભ કર્મ વિપાકો હર્ષ શોક ધારણ કરતો નથી. અમૃતાનુષ્ઠાનકારક યોગી કર્મ ક્રિયાનો અન્ત કરે છે અને તેને માત્ર પોતાનો આત્માજ અમૃત સમાન લાગે છે અમૃતાનુષ્ઠાનથી શુભ અને અશુભ ગતિ એ બે ગતિયો ટળે છે અને તે નક્કી મુક્તિપદ પ્રાપ્ત કરે છે. અમૃત સ્વભાવ સુખ યોગે સાત ધાતુઓ ભેદાય છે અને તીર્થકરોને બાલ્યાવસ્થાથી માંસ રક્ત વગેરે શ્વેત પ્રકટે છે. જિનેશ્વરને અમૃતાનુષ્ઠાન યોગે પ્રભાવે આવી દશા તો બાલ્યથી એક ખેલની પેઠે થાય છે. ગૃહાવાસમા જિનેન્દ્રોને અનન્તાનુબંધિ કષાયો નહિ હોવાથી તેઓ ભોગાવલી કર્મના ઉદયથી પુદ્ગલ ખેલને ખેલે છે તો પણ તેને સુખરૂપ ગણતા નથી. તેઓ ચિત્તમા મેલ ઉત્પન્ન કરનાર એવા ભોગાવલી કર્મો જાણીને તેના સુખ બુદ્ધિવડે રાગાદિક ભાવે પરિણામ પામતા નથી. અન્તર્દૃષ્ટિથી તેઓ ન્યારા રહે છે ગૃહસ્થાવાસમા અમૃતાનુષ્ઠાન મગ્ન તીર્થંકરો આત્માનો આનન્દ કે જે જે આલ્હાદ સુખ આદિ પર્યાયોરૂપ જાણે છે તે અનાદિકાલથી પોતાનામા રહ્યા છે એમ અવબોધીને તેઓ આત્મદ્રવ્યના શુદ્ધ પર્યાયરૂપ આનંદમા

થિરા કાંતા દો દષ્ટિ થાઈ, હોય આતમ અમૃત સમાન;
આત્મયોગ હુને અમૃતા, નુષાન પ્રભાપરા દષ્ટિ જાણુ. ૧૨
ઉદયાગતિ વેઈ ખેપવે, પણુ રાતા ન તાતા હોય;
યોગ શુભાશુભ ઉપજે, ખેદ રાગ નહિ કોય. ૧૩
જેહને અંત ક્રિયા હુઈ, તે આતમા અમૃત સમાન;
અશુભ દોઇ ગતિ તસ ટલી, તે નિશ્ચય લહે નિર્વાણુ. ૧૪

ઝીલે છે. સંજ્વલ કષાય જ્યારે બાકી રહે છે અને જ્યારે અનન્તાનુબંધિ આદિ શેષ કષાયો ટળે છે ત્યારે જિનો સંયમ અંગીકાર કરે છે અને તેઓ અમૃતાનુષ્ઠાન સેવે છે. આત્મદ્રવ્યના ગુણ પર્યાયોએ આત્મસ્વભાવ છે એમ નિશ્ચય કરીને તેને ધારણ કર અને પરપુદ્ગલાદિ દ્રવ્યોના પર્યાયો પરસ્વભાવ છે એમ જાણીને તેમાથી ચિત્તને દુર કર કે જેથી અમૃતાયોગાનુષ્ઠાન કે જે જ્ઞાનીઓને પ્રાપ્ત થાય છે તેની તને પ્રાપ્તિ થાય. પોતાના આત્માના સ્વભાવમા રમણુતા કરવી એ ભાવદયા છે આત્મદ્રવ્યના સ્વદ્રવ્ય ક્ષેત્ર કાલ અને ભાવથી જે જે અસ્તિ પર્યાયરૂપ ધર્મો છે તેનુ સંરક્ષણુ કરવુ. તેના ઉપર આવેલુ કર્માવરણુ દૂર કરવુ એ भाव अनुकंपा છે अमृतानुष्ठान योगीने भाव अनुकपा प्रगटे છે તેથી તે તનમા રહેલા આત્મામા સ્થિર થઇ રહે છે અને પરપુદ્ગલ ભાવમા રાગદ્વેષ કરતો નથી શ્રીમદ્ દેવચંદ્રજી મહારાજ પણુ અધ્યાત્મ ગીતામા અધ્યાત્મ યોગીને અમૃતાનુષ્ઠાન સંબોધતા છતા કયે છે કે—

સ્વગુણુ રક્ષણા તેહ ધર્મ, સ્વગુણુ વિધ્વંસના તે અધર્મ
ભાવ અધ્યાત્મ અનુગત પ્રવૃત્તિ, તેહથી હોય સંસાર છિત્તિ ૧

પોતાના આત્માના ગુણોનુ રક્ષણુ કરવુ તે ધર્મ છે અને આત્માના ગુણોનો ઘાત કરવો તે અધર્મ છે આવા ભાવાધ્યાત્મની અનુગત

અમૃત સ્વભાવ સુખ આસિકા, સપ્તધાતુ રસ ભેદ;
સ્વેત માંસ લોહીત સહુઆ, એ જિનપદકું ખેલ. ૧૫
અનંત સંબંધી દૂરે રહ્યા, ખેલે પુદ્ગલ ખેલ;
પૂરવભવના બંધથી, પણિ ન ગણે ચિત્તકો મેલ. ૧૬
આલ્હાદને સુખ આસિકા, વાંછા પજ્જવ જેહ;
શુદ્ધ દ્રવ્યગુણ પજ્જવા, તિણે અનાદિ તુજ તેહ. ૧૭

અમૃતાનુષ્ઠાન પ્રવૃત્તિથી સસારનો છેદ થાય છે. આવી ભાવાધ્યાત્મગતામૃત ક્રિયાથી મુનિવરો અલ્પ કાળમા સસારમાથી સર્વ પ્રકારના બધનોથી મૂકાય છે અને આત્મામા રહેલા અપર પાર આનન્દને પામે છે. અમૃતાનુષ્ઠાની યોગી શુક્લધ્યાનવડે પોતાના આત્મામા સ્થિર થઇ જાય છે ત્યારે ક્ષાયિકભાવે આત્માની અનન્ત જ્ઞાન દર્શન ચારિત્રાદિ લબ્ધિયોને પામી પરમાત્મા થાય છે.

શ્રી મણિચદ્રજી મહારાજ અમૃતાનુષ્ઠાનનુ સ્વરૂપ દર્શાવીને તે અમૃતાનુષ્ઠાનમા સ્થિર રહેવા માટે પોતાને શિખામણ આપે છે કે હે આત્મન્! ત્હારા આત્માના શુદ્ધ ગુણ પર્યાયો ત્હારામા છે, ત્હારી પાસે છે એમ જાણીને બાહ્ય પુદ્ગલ પર્યાયોની સાધનાનો ત્યાગ કર કારણ કે પુદ્ગલ પર્યાયોને ભેગા કરતા અને તેમા રાચતા માચતા ત્હારૂ કલ્યાણ થવાનુ નથી

અમૃતાનુષ્ઠાન યોગથી આત્મા અને પરમાત્માની એકતા થાય છે અને ઘોર પરિષહ સહન કરતા કોઇ જાતનુ દુ:ખ વેદાતું નથી. ગજસુકુમાલ સ્કધક સૂરિના પાચસે શિષ્યો વગેરેને જે ઘોર પરિષહો થયા અને તેમા તેઓ સ્થિર રહ્યા તેનુ કારણ એ હતુ કે તેઓ અમૃતાનુષ્ઠાન યોગમા સ્થિર થયા હતા. અમૃતાનુષ્ઠાન યોગી આત્માના ગુણ પર્યાયોનુ ધ્યાન ધરીને ગુણસ્થાનકે આરોહતો આરોહતો અનુ-

જવ સંજલણા માફિકે, કર્મ રહે જવ જાણ;
તવ તે જિનાદિ સંયમ લીએ, અમૃતયોગ અનુષ્ઠાન. ૧૮
સ્વદ્રવ્ય શુદ્ધ ગુણ પજ્જવા, તે સ્વભાવ જિન રાખ;
પરદ્રવ્ય અશુદ્ધ ગુણ પજ્જવા, તેહ ભાવ તુજ નાખિ. ૧૯
ભાવ અનુકંપા આપણી, આસ્તિક આત્મ સ્વભાવ;
જે તનમેં તે થઇ રહ્યા, ન ભજે પરગુણ ભાવ. ૨૦

ક્રમે સર્વ કર્મ ખપાવીને કેવલજ્ઞાન પ્રાપ્ત કરે છે. કેવલજ્ઞાની થઇને ભવ્ય જીવોને ધર્મ દેશના દેઇ અઘાતિક કર્મનો છેવટ નાશ કરીને શિવપુર સ્થાન પ્રાપ્ત કરે છે. પચાનુષ્ઠાનનુ સ્વરૂપ આ પ્રમાણે શ્રી મણિચદ્રજીએ ભવ્ય જીવોના હિતાર્થે પદ્યમા રચ્યુ છે. શ્રી મણિચદ્રજી કહે છે કે આ પચાનુષ્ઠાનનુ સ્વરૂપ જે ભણે અને સાભળે તેનો ભાવાર્થ વિચારે અને તદ્ધેતુ તથા અમૃતાનુષ્ઠાનને સેવે તે મગલ સ્થાનને પ્રાપ્ત કરે છે.

શ્રી મણિચદ્રજીએ ઉપરના પદ્યમા પચાનુષ્ઠાનનુ સ્વરૂપ દર્શાવ્યુ છે તેનો ભાવાર્થ વિચારીને પોતાની સ્થિતિનો પ્રત્યેક મનુષ્યે વિચાર કરવો જોઇએ. વિષ ગરલ અને અન્યોઽન્યાનુષ્ઠાનનુ સ્વરૂપ સમજીને તેનો વિવેક કરવો જોઇએ વિષગરલાનુષ્ઠાનના પરિણામ પોતાના આત્મમા વર્ત્તે છે કે નહિ તેનો સ્વયમેવ પ્રત્યેક ભવ્ય મનુષ્યે વિચાર કરી લેવો ભવ્યજીવોએ ધર્માનુષ્ઠાનોમા થતા ક્રોધ, માન, માયા, લોભ, નિન્દા, વિકથા, મિથ્યાત્વ વિચાર, આશા, ભય, ખેદ, અને દ્વેષના પરિણામોને વારવા. પ્રીતિ અને ભક્તિવડે કરેલા ધર્માનુષ્ઠાનો પોતાના આત્માની શુદ્ધિ કરે છે. ગાડરીયા પ્રવાહની પેઠે ચિત્ત વિક્ષેપાદિ વડે સેવતા ધર્માનુષ્ઠાનોથી જે ફળ મળવાનુ છે તે મળતુ નથી. ધર્માનુષ્ઠાનોનો ત્યાગ ન કરવો જોઇએ પરતુ ધર્માનુષ્ઠાનોમા થતા એવા

જબ અમૃતમય આતમા, વાસ્યાં યોગ અનુષ્ઠાન;
તબ તે તનમેં થઇ રહ્યો, ક્ષાયિકતણો નિદાન. ૨૧
શુદ્ધ દ્રવ્ય ગુણ પજ્જવા, તાહરા તુજ કહે જોય;
બાજ્જપર દ્રવ્ય પજ્જવા, તેહ સાધે સ્યું ન હોઇ. ૨૨

દોષોનો પરિહાર કરવો જોઇએ. જે મનુષ્યો ધર્માનુષ્ઠાનો કરવામા દોષો થાય છે તે માટે ધર્માનુષ્ઠાનો ન કરવા એવો વિચાર કરીને ધર્માનુષ્ઠાનો સેવતા નથી તેના કરતા જે મનુષ્યો ધર્માનુષ્ઠાનો સેવે છે અને ધર્માનુષ્ઠાનો સેવતા જે દોષો લાગે છે તેનો પરિહાર કરવા પ્રયત્ન કરે છે, દોષો ટાળવાનો ખપ કરે છે અને ધર્માનુષ્ઠાનો સેવવા અત્યત રૂચિ તથા પ્રવૃતિ કરે છે તેવા મનુષ્યો ધર્મ તત્ત્વના વિશેષ પ્રકારે આરાધક છે જે મનુષ્ય ધર્માનુષ્ઠાન સેવવાની ઇચ્છા ધારણ કરે છે પણ કર્મયોગે ધર્માનુષ્ઠાનને સેવી શકતો નથી તે મનુષ્ય ધર્મનો આરાધક છે પણ જે મનુષ્ય ધર્માનુષ્ઠાન કરવાની રૂચિ ધારણ કરતો નથી અને ધર્માનુષ્ઠાન સેવવાની પ્રવૃત્તિ પણ કરતો નથી તે વિરાધક છે પણ આરાધક નથી જે મનુષ્ય યોગ્ય એવુ ધર્માનુષ્ઠાન સેવે છે તેમા જે કઈ દોષ લાગે છે તેના મનમા દાઝ રાખે છે અને દોષોનો નાશ થાય એવી કાળજી રાખે છે તે મનુષ્ય આરાધક છે. ધર્માનુષ્ઠાન સેવનાર શ્રીવીતરાગ દેવની આજ્ઞાનો વિચાર કરીને પરમા પડતો નથી અર્થાત્ પારકી પચાતો, ઝઘડા, ટટા, બખેડા, નિન્દા, પારકા મર્મ ખોલવા વગેરે દોષોને સેવતો નથી અને આત્માના ગુણોનો ઉપયોગ રાખીને ધર્મક્રિયામા પ્રવૃત્ત થાય છે તે મનુષ્ય ધર્મની ક્રિયાનો આરાધક અવબોધવો. ધર્માનુષ્ઠાનો સેવનારાઓએ કોઇની નિન્દા ન કરવી જોઇએ, "ક્રિયાનુ અજીરણ નિન્દા" એ કહેવતના સારને હૃદયમા ધારણ કરવો જોઇએ. ધર્માનુષ્ઠાનવડે આત્મહિત કરવું જોઇએ, જે અનુષ્ઠાનો

અમૃતયોગસે આતમા, હુઆ હોઈ એકી ભૂત;
ઘોર ઉપસર્ગ પરિસહા, સહતાં નહિ કોઇ દુઃખ. ૨૩
ઇણિ વિધિ કર્મ ખપાવીને, પામે કેવળજ્ઞાન;
ભવ્ય જીવ પ્રતિબોધિને, પુહુચે શિવપુર સ્થાન. ૨૪
પંચ અનુષ્ઠાન સુખ આસિકા, રચીતે ઉત્તમ કામ,
ભણે મણિચંદ ભાવે સુણે, લહે તે મંગળ ઠામ. ૨૫

કરતા હિંસા, જૂઠ, અસ્તેય, મૈથુન, વિશ્વાસઘાત, પ્રપંચ, દગાફટકા, ધૂર્તતા, તથા પરજીવોને દુઃખવવાપણું થાય છે તે વારવું જોઇએ દેવ, ગુરૂ અને ધર્મના વ્યવહારિક ધર્માનુષ્ઠાનો એકાગ્રચિત્ત-પ્રેમ-ભક્તિ અને ઉત્સાહ અને વિધિ પ્રમાણે કરવા જોઇએ ધર્માનુષ્ઠાનોમાં જે ગળીયા બળદ જેવા થઇ ગયા હોય છે તેઓ ધર્માનુષ્ઠાનોમાં પ્રવૃત્તિ કરતા નથી. તેઓ આત્માની ઉચ્ચ દશા કરવાને સમર્થ થતા નથી વ્યવહારિક ધર્મદૃષ્ટિએ અને આધ્યાત્મિક ધર્મદૃષ્ટિએ જે જે ધર્માનુષ્ઠાનો સેવવા ઘટે તે વિવેકપુરસ્સર કરવા માટે શ્રી મણિચંદ્રજી મહારાજે અનુષ્ઠાનોનું સ્વરૂપ દર્શાવ્યું છે તેનો ભાવ વિચાર કરીને યોગ્ય અનુષ્ઠાનો સેવવા જોઇએ.

આત્મબળ (SPIRITUAL STRENGTH).

Have faith in the ultimate triumph of the evolution of the soul within you, which nothing can finally frustrate. *

Mrs Annie Besant.

મનુષ્ય માત્ર દુ ખી થાય છે, તેનુ જો ખરૂ કારણ તપાસવામા આવે તો આપણને જણાયા વગર રહેશે નહિ કે તે કારણ **અજ્ઞાન છે.** મનુષ્યને પોતાની ખરી સ્થિતિનુ ભાન નથી, પોતાના **આત્મબળનો** ખ્યાલ નથી મનુષ્ય પોતે શરીર હોય તેમ વિચારે છે, પોતે ઇદ્રિયો હોય તેમ ધારે છે, પોતે મન હોય તેમ કલ્પે છે, પોતે વાસનાઓ હોય તેમ માને છે, પણ આ સર્વ અજ્ઞાનને લીધે છે. પોતાનુ ખરૂ સ્વરૂપ ભૂલી જવાથી આ આત્માથી અતિરિક્ત વસ્તુઓ સાથે આત્મા પોતાપણુ આરોપે છે અને દુ ખી થાય છે. દુ ખનુ પરમ કારણ જે આ અજ્ઞાન તે દૂર થાય, અને આત્માને પોતાના ખરા સામર્થ્યનુ ભાન આવે, તે માટે આ લેખ લખવાની પ્રવૃત્તિ થઈ છે.

આપણે આપણી ચારે બાજુએ દિનપ્રતિદિન લોકોને એવા પ્રકારના શબ્દો બોલતા સાભળીએ છીએ કે "કર્મમા લખ્યુ હશે તે

* તમારી અંદર રહેલા આત્માની ઉન્નતિનો વિજય છે, એ બાબતમા શ્રદ્ધા રાખો કારણ કે છેવટે તે ઉચ્ચપદ મેળવવામા કોઈ પણ તમોને વિઘ્નકર્તા થઈ શકશે નહિ.

લેખક.—મણિલાલ નથુભાઇ દોસી. બી. એ. અમદાવાદ.

થશે, ભાવી બળવાન છે. આપણા હાથમાં કાંઈ પણ નથી. આત્માના દરેક પ્રદેશમા અનત કર્મ વર્ગણા લાગેલી છે. તે બધી શી રીતે છુટે ?" આવા નિરાશીભર્યા ઉદ્‌ગારો આપણી ચારે બાજુએ સાભળીએ છીએ એટલુજ નહિ પણ આપણે પોતે પણ તેવાજ ઉદ્‌ગારો કાઢીએ છીએ. પ્રિયવાચક ! તારી જાતને આ બાબત પૂછ અને તારી ખાતરી થશે કે તુ પણ તેમાનો એક છે. આ બધુ સદ્‌જ્ઞાનની ખામી સૂચવે છે. ખરૂ તત્વ સમજાવનારાની ખામી એજ આટલા ગાઢ અધકારનુ કારણ છે પણ હવે આપણે ઉપરના કથનનુ સત્ય તપાસીએ. ખરી વાત છે કે આત્માના પ્રદેશોમા અનત કર્મની વર્ગણા લાગેલી છે, પણ તે સાથ આ વાત પણ ખરી છે કે તે કર્મને બાધનાર તેમજ છોડનાર આપણો પોતાનોજ આત્મા છે. જે કુભાર માટીનુ પાત્ર બનાવી શકે છે, તે કુભાર તે ભાગી પણ શકે છે આપણી આસપાસ બેડી નાખનારા આપણે પોતેજ છીએ, પણ તે તોડવાનુ સામર્થ્ય પણ આપણા પોતાનામાજ છે.

આપણામા કેટલુ બળ છે, તેનો પ્રથમ આપણે ખ્યાલ લાવવો જોઇએ તીથકરો કરી ગયા, વિચારી ગયા અને પામી ગયા, તે કરવાનુ, વિચારવાનુ અને પામવાનુ સામર્થ્ય આપણામા છે. **अप्पा सो परमप्पा** 'આત્મા એજ પરમાત્મા,' એ સૂત્રોનુ વાક્ય આપણને બેધડક જણાવે છે કે પરમાત્મપદ પામવાનુ આપણામા બળ છે–શક્તિ છે. તીર્થકરો પણ પ્રથમ આપણા જેવા સામાન્ય મનુષ્યો હતા, તે વાતની કોઈથી ના પડાય તેમ નથી. તેમના પૂર્વ ભવો વાચો એટલે તમારી ખાત્રી થશે કે તેમનામા પણ આપણા જેટલીજ ખામીઓ ભરેલી હતી છતા આત્મબળમા વિશ્વાસ રાખી, પુરૂષાર્થ કરી કેવળજ્ઞાન પામી શક્યા, તેમ જો આપણે પણ તેમને પગલે ચાલી આત્મશક્તિમા શ્રદ્ધા રાખી આગળ વધવા કમર કસીશુ તો તે જે

પદ પામી ગયા તે પદ અવસ્ય પામીશુ. આમાં કાંઇ પણ અશકય અથવા અસાધ્ય નથી. જો આ બાબતમાં કાઇ પણ ખામી લાગતી હોય તો તે આ બાબતના **જ્ઞાનને અનુભવમાં મૂકવાની છે.** સ્વાનુભવ દર્પણમા યથાર્થ કહ્યુ છે કે—

જીનવર ને શુદ્ધાત્મમા કિચિત્ ભેદ ન જાણુ,
એહજ કારણ મોક્ષનુ, ધ્યાઇ લ્યો નિરવાણ.
જીન જેવો નિજ આત્મા, નિશ્ચય ભેદ ન રચ,
એજ સાર સિદ્ધાન્તનો, છોડો સઉ પ્રપચ.

જીનેશ્વરના આત્મામા અને આપણા આત્મામા એક રતિ માત્ર પણ ફેર નથી બન્ને સ્વરૂપમા એક સરખા છે. એકની શક્તિ **વ્યક્ત**–પ્રકટ થઇ છે, ત્યારે બીજાની શક્તિ **તિરોહિત**–ગુપ્ત છે. જો કાઇ પણ ફેર હોય તો તે એટલોજ છે કે આપણે આપણી આત્મશક્તિઓને શ્રી જીનેશ્વરની માફક પ્રકટ કરવાને પુરતો પ્રયત્ન કર્યો નથી.

આપણે આ બાબત એક બે ટુક દષ્ટાન્ત આપી પુરવાર કરીશુ એક સિહના બચ્ચાની મા મરી ગઇ, અને તે ભોગજોગે બકરાના ટોળા વચ્ચે ઉછર્યું, ને પોતાને બીજા બકરાઓ સમાન ગણવા લાગ્યુ તેની બધી આદતો પણ બકરા સમાન થઇ ગઇ એક દિવસ વનમા તે બધા બકરા તે સિહના બચ્ચા સાથે ચરતા હતા, તેવામા એક સિહ આવી પહોચ્યો. તેને જોઇ બધા બકરાએ નાસવા માડયુ. તેની સાથે આ સિહના બચ્ચાએ પણ નાસવા માડયુ પણ થોડેજ દૂર જઇ સિહની સ્વભાવિક ટેવને અનુસરી પાછુ જોયુ. તરતજ તેને જણાયુ કે જે પ્રાણીથી બ્હીને નાસુ છુ તે પ્રાણી દેખાય છે તો મારા જેવુ તો પછી ડર શા સારૂ રાખવો ? એમ વિચારી તે સિહથી ડર્યું નહિ. ધીમે ધીમે તે સિહની પેઠ વર્તવા લાગ્યુ, અને આખરે **પોતે સિંહ** છે એમ તેને ભાન થયુ આવીજ સ્થિતિ આપણી પોતાની થઇ છે સિહના

બચ્ચાની મૂર્ખાઇ ઉપર ભલે આપણે હસીએ, પણ આપણે પણ આપણો ખરો વારસો ભૂલી ગયા છીએ, આપણી દિવ્યતાનુ આપણને સ્મરણ રહ્યું નથી. તેથી આપણે પામર મનુષ્યની માફક વર્તીએ છીએ પણ બંધુઓ ! આજથી આ પળથી તમારા મનમા વિચારો. તમારા આત્માની સાક્ષીએ અંગીકાર કરો કે તમે શરીર નથી, તમે તે ઇંદ્રિયો નથી, તેમ તે વાસનાઓ નથી, તમે તે મન પણ નથી, પણ એ બધાને ગતિમા મૂકનાર બધાના રાજા અનંત જ્ઞાન શક્તિ તમે સચ્ચિદાનંદમય છો.

શરીર બળને વાસ્તે આખી દુનિયામા નામના કાડનાર ‘ કલિયુગનો ભીમસેન ’ એ ઉપનામને પાત્ર થએલ કસરતી પહેલવાન ‘સેન્ડો ’ જ્યારે દશ વર્ષની વયનો હતો. ત્યારે પોતાના પિતા સાથે રોમનું ‘ મ્યુઝીઅમ ’–પ્રદર્શન જોવા ગયો હતો. ત્યા પ્રાચીન સમયના ઇટાલીના મહાન યોદ્ધાઓના બાવલા જોઈ તેણે આશ્ચર્ય ચકિત થઈ તેના પિતાને પૂછ્યુ. “ પિતાજી ! આ કોના પૂતળા છે ? આવા પુરૂષો ક્યા વસતા હશે ?” તેના પિતાએ ગંભીરતાથી જવાબ વાળ્યો. “ પ્રિયપુત્ર ! આવા પુરૂષો હાલમા નથી. આ તો પ્રાચીન રોમન લોકોના પૂતળા છે.” આ શબ્દો સાભળી તે બોલી ઉઠ્યો “ પિતાજી ! શુ પણ તેમના જેવા જોરાવર ન થઇ શકીએ ? ” આ વિચાર તેના મનમા ઘોળાવા લાગ્યા. તેણે તે દિવસથી શરીરના જૂદા જૂદા વિભાગોને લગતા શાસ્ત્રનો તથા વૈદક વિદ્યાનો અભ્યાસ કરવાનો આરંભ કર્યો અને જૂદા જૂદા અંગોને કેવી રીતે તાલીમ આપી શકાય તેવા માર્ગો શોધી કાઢ્યા અને અત્યારે આખી સુધરેલી દુનિયામા શારીરિક બળમા પ્રથમ તરીકે તે ગણાય છે. આ બધાનું કારણ શુ ? કારણ બીજું કાઇ નહિ પણ તેનુ આત્મિક બળ હતું. તેને પોતાની શક્તિમા વિશ્વાસ હતો, અને તેથી જ આવુ અસાધારણ કામ કરી

શકશે. જો આવો મનુષ્ય જેની ઇચ્છાશક્તિ આટલી બધી વૃદ્ધિ પામેલી છે, તે પોતાનુ બળ ધર્મ કામમા વાપરે તો ત્યાં પણુ તેટલોજ વિજય મેળવે. " **कम्मे सूरा ते धम्मे सूरा** " જે કાર્યમા શૂરવીર હોય છે તે ધર્મમા પણુ તેટલાજ શૂરવીર માલમ પડે છે. આનુ જો કારણુ તપાસીએ તો આપણુને જણુાશે કે તેઓએ પોતાની દૃઢ **ઇચ્છાશક્તિ** અથવા **સંકલ્પ બળ** ખીલવ્યુ છે. આત્માની અનંતશક્તિ આગળ કશુ અસાધ્ય નથી. આ બાબતને સમર્થન કરતા શ્રી શુભચંદ્રાચાર્ય **જ્ઞાનાવર્ણુમા** લખે છે કેઃ—

अहो ऽनन्त वीर्यो ऽयमात्मा विश्वप्रकाशकः ॥
त्रैलोक्यं चालयत्येव ध्यानशक्ति प्रभावतः ॥ २ ॥

આ વિશ્વને પ્રકાશ કરનાર આત્માની શક્તિ અનત છે. પોતાની ધ્યાનશક્તિ દ્વારા તે ત્રણુ ભુવનને ચલાવવાને સમર્થ છે.

બધુઓ ! કાઇ ખ્યાલ આવે છે કે ? આત્મામા ત્રણુ ભુવનને ચલાવવાનુ બળ રહેલુ છે. પણુ તે બધુ તિરોહિત છે—ગુપ્ત છે, અવ્યક્ત છે, અપ્રકટ છે. પણુ તમારી **અંદર** તે છે. હવે તે પ્રકટ કરવાને શા પ્રયત્નો કરવા તે વિચારવાનું છે કારણુ કે તે પ્રશ્નના જવાબ ઉપર આ લેખની સાર્થકતા છે.

પ્રથમ તો તમારી ઇચ્છાશક્તિ દૃઢ કરો. નાની નાની બાબતોમા તમારી ઇચ્છાશક્તિ દૃઢ કરવાને નિશ્ચય કરો, દાખલા તરીકે સવારમાં પાચ વાગે ઉઠવાનો નિશ્ચય કરો. બીજે દિવસે બરોબર પાંચ વાગે ઉઠો. આ વખતે તમારૂ શરીર તમને અતરાય રૂપ થશે, તમને આળસ આવશે, સવારની ઠડી પવનની લહેર તમને પથારીમા પડયા રહેવાનું સૂચવશે પણુ તે બધી બાબતો તરફ બેદરકાર રહી તમારા દૃઢ નિશ્ચયને વળગી રહો, અને બરાબર તમે મુકરર કરેલે વખતે ઉઠો. તમે

પાચને બદલે સવાપાચે ઉઠો તો તેમા કાઇ નુકસાન નથી, પણ એકવાર પાચ વાગે ઉઠવાનો નિશ્ચય કર્યા પછી સવાપાચે ઉઠવું તે દૃઢ નિશ્ચયને તોડનાર રૂપ છે, તે તમારી દૃઢ ઇચ્છાશક્તિને નરમ પાડવા સમાન છે. માટે નિશ્ચય કર્યા પછી ડગશો નહિ.

કોઈ પણ બાબતનો નિશ્ચય કર્યા પછી તેમા જો ભૂલ લાગે તો તે ફેરવવાનો તમને હક છે, પણ તે વિચારપૂર્વક જ થવુ જોઇએ. પણ સહેજ અંતરાય આવતાં, સહેજ મુશ્કેલી પડતા તમારા નિશ્ચયનો ત્યાગ કરવો એ ઇચ્છાશક્તિને મારી નાખવા સમાન છે.

સવારમા ઉઠવાનો આ એક નિયમ કહ્યો પણ એવા ઘણા નિયમ જણાવી શકાય. આપણા શાસ્ત્રમા જે ચૌદ નિયમો કહ્યા છે, અને તે દરેક શ્રાવક અથવા શ્રાવિકાએ સવારમા અગીકાર કરવા જોઈએ, આખો દિવસ પાળવા જોઇએ, અને તે બરોબર પળાયા છે કે નહિ તેની રાત્રિએ તપાસ કરી જવી જોઇએ—તે નિયમો પણ ઉપરનો હેતુ ધ્યાનમા રાખી પાળવામા આવે તો ઘણો લાભ મેળવી શકાય.

આ નિયમોનો હેતુ સમજી પાળનાર મનુષ્ય અપ્રમત્ત થયા વિના રહે જ નહિ અને શ્રી વીરપ્રભુએ ગૌતમને આપેલો ઉપદેશ–હે ગૌતમ ! એક ક્ષણવાર પણ પ્રમાદ કરીશ નહિ. યથાર્થ રીતે તેમણે પાળેલો કહી શકાય.

અમુક બાબત જે આપણે કરવા માગતા હોઇએ, તે બાબતનો પ્રથમ તો દૃઢ વિચાર કરવો, તે બાબતનુ મનન કરવુ, તે બાબતનુ ધ્યાન કરવુ, તે બાબતમા તલ્લીન થઈ જવુ. આનુ પરિણામ એ આવશે કે તે વિચારો અનુસાર આપણે આપણું વર્તન ચલાવી શકીશુ મનુષ્ય જેનું ધ્યાન કરે તેવો થાય છે. શાસ્ત્રમા કહેલુ છે કે ઇયળ ભ્રમરીનુ ધ્યાન કરતા ભ્રમરી થઈ ઉડી જાય છે. ' મનુષ્ય એ

વિચારની કૃતિ છે '–અથવા મનુષ્યના ચરિત્ર (character) નો આધાર મોટે ભાગે તેના વિચાર પર રહેલો છે.

પ્રથમ મનુષ્ય અમુક કામ કરવાનો વિચાર કરે છે, તે વિચારને બીજા તેવાજ પ્રકારના વિચારો કરી ધીમે ધીમે તે પુષ્ટિ આપે છે તે વિચારો ધટ્ટ થતા જાય છે. તે વિચારોનુ પ્રાબલ્ય વધતુ જાય છે. જ્યારે વિચારોનુ જોર ઘણુજ વધી પડે છે, ત્યારે તે વિચારો કાર્ય-રૂપે પરિણમે છે. જો તે મનુષ્યે સારી બાબતોના વિચારોનુ પોષણ કર્યું હોય છે તો સારૂં કાર્ય થવા પામે છે, અને જો ખરાબ બાબત સબધીના વિચારોને તેણે ઉત્તેજન આપ્યુ હોય છે તો પરિણામ પણ ખરાબ કાર્યમા આવે છે વિચારનું કેટલુ બળ છે તેનો હજુ આપણને ખ્યાલ પણ નથી. પણ તે એક એવી શક્તિ છે કે જેનો સદુપયોગ કરવાથી મનુષ્ય ધારે તેવો પોતાને બનાવી શકે છે. યોગ–સારમા કહ્યુ છે કે—

यदा ध्यायति यद्योगी याति तन्मयतां तदा।
ध्यातव्यो वीतराग स्तन्नित्यमात्मविशुद्धये ॥ १ ॥

જ્યારે યોગી જેનુ ધ્યાન કરે છે ત્યારે તે તદ્રૂપ બને છે, માટે જો આત્માની વિશુદ્ધિ કરવી હોય તો વિશુદ્ધિ સ્વરૂપી વીતરાગનુ ધ્યાન કરવુ.

માટે જે સ્વરૂપ તમારે મેળવવુ હોય અથવા જે રૂપ તમારે થવુ હોય તેનુ ધ્યાન કરવુ આવશ્યક છે. તમે જો જરા બારીક વિચાર કરશો તો તમારી બાહ્ય સ્થિતિ પણ તમારા માનસિક વિચા-રોનુ પરિણામ છે એમ જણાયા વગર રહેશે નહિ. મન તથા શરી-રને નિકટનો સંબધ છે, તથા મગજ તથા શરીરનો સબધ નજ-દીકનો છે, એ પાશ્ચાત્ય શાસ્ત્રોએ તેમજ પૂર્વના ગ્રન્થોએ બહુ સારી

રીતે પૂરવાર કર્યું છે. મનની શરીર ઉપર અસર થાય છે, તે તો એટલું બધું ખુલ્લું છે કે તેને સાબીત કરવાની પણ જરૂર જણાતી નથી. ઘણા ચિંતાતુર મનુષ્યોને શરીરે સુકાઇ જતાં આપણે નજરે જોઇએ છીએ. જ્યારે મનુષ્ય ઉદાસ હોય છે, ત્યારે તેને ખાવાપર રૂચિ થતી નથી. તે વખતે આનદ આપનારા બનાવો પણ અરૂચિકર લાગે છે. ક્રોધ મનુષ્યના મુખપર જણાઈ આવે છે, અને તેના લોહીને વિકારી બનાવે છે જેથી તે ક્રોધી મનુષ્ય હમેશ સુક લકડી જેવો રહે છે. એક મનુષ્ય પોતાના મિત્રો સાથે આનદમા બેઠો હોય છે તેવામા તેનું વહાણ ગુમ થયાના સમાચાર મળે છે. તરતજ તે વિચાર તેના મગજમાં દાખલ થાય છે, અને પાંચ મીનીટમાં તો તેના આખા શરીરનો રગ બદલાઇ જાય છે. કોઇ કોઈ વાર તો આવા કોઇ મોટા પ્રસગે તે મનુષ્યના કાળા વાળ ધોળા થઇ જતા જણાય છે. તેજ પ્રમાણે કોઇ સુખદ સમાચાર સાભળતા ઘણા દિવસના માંદા પડેલા દરદીઓ એકાએક પથારીમાથી સાજા થઇ ઉઠયાના સમાચાર પણ આપણે જોઇએ છીએ અને સાભળીએ છીએ.

આ ઉપરથી એ પ્રત્યક્ષ રીતે સિદ્ધ થાય છે કે વિચારની શરીરપર ભારે અસર થાય છે. કેવળ શરીરપર નહિ પણ બાહ્ય સંજોગોપર પણ અસર થતી આપણે જોઇએ છીએ. જેવી પરિસ્થિતિનો આપણે વિચાર કરીએ છીએ તેવી પરિસ્થતિ–બાહ્ય સજોગો વહેલા કે મોડા આપણને મળી આવ્યા વગર રહેતા નથી. જો આપણો નિશ્ચય બહુજ દઢ હોય તો આ ભવમા ને આ ભવમા આપણી ભાવના સિદ્ધ થાય છે. જેમ વિચારો વધારે ચોકસ, એકાગ્ર અને મજબુત તે પ્રમાણમા તે વિચારોનુ ફળ વધારે શીઘ્ર આવે છે.

આત્માની શક્તિઓ પ્રકટ થાય તે માટે તેમને જોગવાઇ કરી આપવી, એ પણ આપણું કર્તવ્ય છે. આત્માની શક્તિઓ આ જગ-

તમા પ્રકટ કરવાને જે સાધનો છે, તેમાંનુ મુખ્ય સાધન આ આપણું શરીર છે. આ શરીર જેમ બને તેમ નિરોગી શુદ્ધ આત્માનો પ્રકાશ ગ્રહણ કરી શકે તેવું મજબુત અને સૂક્ષ્મ refined પરમાણુોનું બનેલુ હોવું જોઇએ. કારણ કે " sound mind can exist only in a sound body. " 'તંદુરસ્ત શરીરમાજ તદુરસ્ત મન રહી શકે.' જ્યારે મનની શક્તિઓને બરાબર પ્રકટાવવાને પણ તદુરસ્ત શરીરની જરૂર છે. તો પછી આત્મબળ પ્રકટ થાય તે માટે કેટલા બધા શુદ્ધ શરીરની આવશ્યકતા છે તે તો કહ્યા વિના પણ સમજાય તેવી બાબત છે. જ્યારે મનુષ્ય એકાગ્રતા શિખે છે, જ્યારે મનુષ્ય મનને એક લક્ષ્ય બિન્દુ ઉપર સ્થિર કરતાં શિખે છે, ત્યારે તે મનની શક્તિ અનતગણી વધે છે. સરોવરના પાણીમા કાઇ પણ બળ નથી, પણ તે પાણી જ્યારે સચાવડે નળીમા આવે છે. ત્યારે તેનું બળ એટલુ વધે છે કે કાચી પોચી નળી હોય તો તે તૂટી જાય છે. તેમ જ્યારે ધ્યાનવડે આ મગજમાં એકાગ્ર મનની અસર થવા માડે છે, ત્યારે તે એટલી તો જબર હોય છે કે કાચુ પોચું મગજ અથવા કાચું પોચુ શરીર તૂટયા વિના રહે નહિ. માટે આત્મશક્તિ ખીલવવા ઇચ્છનારે પ્રથમ શરીરને પણ ખીલવવુ જોઇએ. ધ્યાન કે યોગનો અભ્યાસ કરનારને ચેતવણી રૂપે કહેવાની જરૂર છે કે તમે **ધ્યાન કે યોગનો** અભ્યાસ કરવા માડો તે પહેલા તમારા શરીરને બરાબર કેળવો. તેને શુદ્ધ બનાવો. તેના પરમાણુઓને પવિત્ર બનાવો. આ વાસ્તે નિયમિત આહાર વિહારની ઘણી જરૂર છે. શરીરની શુદ્ધિ સારૂ બ્રહ્મચર્ય એ ઉત્તમ રસાયન છે. તમે ગમે તેટલી માત્રાઓ ખાધી હોય કે રસાયનનુ સેવન કર્યું હોય પણ જ્યા સુધી તમે બ્રહ્મચર્યરૂપી રસાયનનુ સેવન નથી કર્યું ત્યા સુધી ઉત્તમ તાકાદ મેળવવાના તમારા બધા માર્ગો વિફળ છે. નિયમિત કસરતની પણ શારીરિક બળ વાસ્તે એટલીજ જરૂર છે.

કસરતથી આળસનો ત્યાગ થાય છે, લોહી શરીરમા વધારે ઝડપથી ફરવા માડે છે, શરીરમાનો મેલ પરસેવારૂપે બહાર નીકળે છે, અને ભૂખ પણ સારી લાગે છે, અને આ રીતે શરીર ઘણું મજબૂત અને નિરોગી બને છે. ભગવદ્ગીતામા આ સબધમા લખેલું છે કે–

જે અતિ ખાતો નથી તેમ ભૂખ્યો પણ રહેતો નથી, જે વધારે જાગતો નથી તેમ વધારે ઉંઘતો પણ નથી, જે આહાર વિહારમા નિયમિત અને મધ્યમસર છે તે દુ:ખનો નાશ કરનારા યોગને વાસ્તે લાયક બને છે. માટે શરીરને બરાબર કેળવો. શરીર તમારૂ સ્વામી ન બને એ બાબત ધ્યાનમા રાખજો, પણ એ શરીર એ ધર્મનુ પ્રથમ સાધન છે, એ બાબત પણ ભૂલી જતા ના. માટે 'ઇચ્છાનો રોધ' એ તપની વ્યાખ્યા સ્મરણમા રાખી યથાશક્તિ શરીરને કાબુમા રાખતા શિખવુ પણ શરીરને અતિ કષ્ટ આપી મારી નાખવુ નહિ. આ બન્ને એકદેશીય માર્ગનો ત્યાગ કરી આ તેમજ બીજી અનેક બાબતમાં મધ્યમ માર્ગ ગ્રહણ કરવો.

આ પ્રમાણે બ્રહ્મચર્ય, કસરત, યોગ્ય તપશ્ચર્યા તેમજ આરોગ્યવિદ્યાના નિયમોનુ પાલન–આ સર્વથી શરીરને આત્મિક પ્રકાશ તથા મનની શક્તિઓ પ્રગટ કરવાને યોગ્ય સાધન બનાવવુ એ ઘણું જરૂરનુ છે

પણ આટલેથી અટકવાનુ નથી હજુ આ તો પ્રથમ પગથિયું છે ગમે તેટલી શરીરશુદ્ધિ કરવામા આવે તો તેથી પણ આત્મોન્નતિ થઈ શકે નહિ, પણ આત્મોન્નતિના વિકટ માર્ગમા આ શરીર અતરાયરૂપ ન થાય તે માટે તેને બરાબર કેળવવાના કામની આવશ્યકતા કોઇથી ના પાડી શકાશે નહિ.

હવે આપણે મન તરફ દૃષ્ટિ ફેરવીએ. મન શરીરની અપેક્ષાએ શરીરનુ શેઠ છે–સ્વામી છે, પણ આત્માની અપેક્ષાએ મન પણ

નોકર છે. આત્માનુ સાધન છે. રાજાનો પુત્ર બાલ્યાવસ્થામા હોય, અને રાજકારભાર તેને ચલાવતા ન આવડતો હોય ત્યારે જેમ પ્રધાન બધી સત્તા પોતાના હાથમા લે છે તેમ આત્માની બાલ્યાવસ્થામા—અજ્ઞાન દશામા મનરૂપી પ્રધાને આખા શરીર રૂપી રાજ્યતંત્રની લગામ પોતાના હાથમા લેઇ લીધેલી છે. રાજા તો કાઇ હિસાબમા પણ ન હોય તેવી સાર્વભૌમસત્તા મન ચલવી રહ્યુ છે. પણ જેમ રાજકુવર મોટો થતા પ્રધાન પાસેથી રાજા સત્તા માગી લે છે, અને તે વખતે ઘણા દિવસથી ખાઇ બદેલો પ્રધાન એકાએક તેને તે આપવા આનાકાની કરે છે, તેજ પ્રમાણે આ મન રૂપી પ્રધાને સર્વ સામતો વગેરેને વશ કરી લીધેલા છે, અને જ્યારે આત્મારૂપી રાજા પોતાના હાથમા સત્તા લેવા માગે છે, ત્યારે તે પણ એટલીજ આનાકાની કરે છે પણ તેથી રાજાએ જરા પણ ગભરાવુ નહિ. કારણ કે રાજાને—આત્માને પોતાના સામર્થ્યનુ ભાન આવ્યુ છે. મને ગમે તેટલા લાબા વખત સુધી સત્તા ભોગવી હોય છતા છેવટે તે આત્માનુ નોકર છે. હે આત્મન્ ! તુ હવે જાગૃત થા ! તે ઘણી વાર સુઈ રહીને પ્રમાદમા કાળ ગુમાવ્યો છે પણ હવે પ્રમાદ ન કર ! ઉઠ. જાગૃત થા ! આ મન રૂપી પ્રધાન પાસેથી તારી સત્તા લેઈ લે ! તારો દિવ્ય હક છે તે તેને જણાવ ! અને જરૂર તે તને વશ થશે. તારી આજ્ઞા પ્રમાણે ચાલશે. થોડો વખત તે બરબડે તો ફિકર નહિ તારૂ બળ અજમાવ.

હે આત્મન્ ! મનને પોતાનુ કશુ બળ નથી. જે બળ તેનામા હોય તે તારૂ પોતાનુ છે. જેમ ચદ્ર સૂર્યના પ્રકાશથી ચળકતો દેખાય છે, તેમ આ મનનુ જે કાઈ બળ હોય તે તારૂ જ છે. માટે ઉછીના લીધેલા બળ કરતાં સ્વાભાવિક બળમા વિશેષતા હોય એ વાત સત્ય છે. માટે તારૂ સ્વભાવિક બળ અજમાવ. મન જરૂર તારે વશ થશે.

કોઈ કામ વારંવાર કરવાથી, કોઈ પણ કામ કરવાનો મહાવરો પાડવાથી આપણને તે કામ કરવાની ટેવ પડે છે. તે કામ કરવું એ આપણું સ્વાભાવિક વલણ થઇ રહે છે. habit is second nature ' ટેવ એ મનુષ્યનો બીજો સ્વભાવ છે ' આ વાક્ય પણ આ વિચારને પુષ્ટિ આપે છે. આ નિયમ લક્ષમા રાખી જો આપણે આપણા મનને કાબુમા રાખવાનો અભ્યાસ પાડીશુ તો તે કામ પણ આપણે કરી શકીશુ. આત્માની શક્તિઓ આ મનદ્વારા પ્રકટ થાય તે માટે તેને સયમમા લાવવાની જેટલી જરૂર છે, તેટલી તે મનને પવિત્ર બનાવવાની જરૂર છે. દીવાની આસપાસની ચીમની મેલી હોય અથવા ડાઘાવાળી હોય અથવા કાળી હોય તો તે દિવાનો પ્રકાશ તે ચીમનીદ્વારા બરાબર પ્રકટ થઈ શકતો નથી. સૂર્ય ગમે તેવો ગોળ હોય છતા કલ્લોલવાળા અને ડહોળાએલા જળવાળા સરોવરમા તેનુ પ્રતિબિબ ગોળ પડી શકતું નથી, પણ કકડારૂપે પડે છે. અર્થાત્ તે સૂર્યના અનેક કકડા થયા હોય એવુ ચિત્ર સરોવરમા ભાસે છે. આ સૂર્યના પ્રકાશ અથવા દીપકની જ્યોત તેવી આત્માની સ્થિતિ છે. સરોવર શાન્ત અને તરગ રહિત થયે સૂર્યનુ તેજ બરોબર તેના પર પડે છે, તેમ મન શાન્ત અને વિવિધ વિકારોથી રહિત થયે આત્મજ્યોતિ તેપર પડી પ્રકટી નીકળે છે. ચીમની સાફ હોવાથી દીપકનુ નિર્મળ તેજ બરાબર પ્રકટી નીકળે છે તેમ મન પવિત્ર–શુદ્ધ થયે આત્મ તેજ તે દ્વારા ઝળકી ઉઠે છે. માટે આ ઉપરથી એ સિદ્ધ ઠરે છે કે આત્માનું બળ પ્રકટ કરવાને માટે **મનનો સંયમ** તથા મનની **નિર્મળતા** એ ઘણી અગત્યની બાબત છે.

આ સયમને વાસ્તે ઉત્તમ સાધન મનની એકાગ્રતાનો અભ્યાસ પાડવાની ટેવ છે. કોઇ પણ વસ્તુ પ્રયત્ન કર્યા વિના મળતી નથી. તો મનઃ સયમ જેવી દુષ્કર વસ્તુ પણ તે વાસ્તે સખ્ત પ્રયત્ન કર્યા

વિના મળે નહિ. પણ ભૂતકાળમાં અનેક મહા પુરૂષો તે કામ કરી શકયા છે, અને તેઓએ વિજય મેળવ્યો છે. હાલ પણ થોડે ઘણે અંશે તે બાબતના અભ્યાસીઓ વિજય મેળવે છે. તો આપણે પણ તે બાબતનો પ્રયત્ન કરીશું તો અવશ્ય તે કામ સિદ્ધ કરીશું. મનની નિર્મળતા માટે તો એટલા બધા સાધનો છે કે જે આંખ ઉઘાડીને જુવે તેને જણાયા વગર રહેશે નહિ. શાસ્ત્રોનો અભ્યાસ, સત્સમાગમ, કોઇ મહાન્ પુરૂષના ગ્રન્થોનો બારીક અભ્યાસ, સદ્ગુણનું ધ્યાન વગેરે અનેક સાધનો છે. વિષય બહુ લાંબો થઇ ગયો છે, છતાં આ મનની નિર્મળતાને માટે એક ટુંકી ઉપયોગી સૂચના આપ્યા વગર રહી શકાતું નથી.

તમારા આત્માને ઉન્નત બનાવે તેવા, અને મનને શાંતિ આપે એવા કેટલાક સદ્ગુણોની એક નોંધ તૈયાર કરો. તેમાથી એકાદ સદ્-ગુણ લેઈ પ્રાતઃકાળમા તેનુ ધ્યાન ધરો તે સદ્ગુણ ઉપર એવી ભાવના કરો કે તે સદ્ગુણ તમારા મનના એક વિભાગ રૂપ થઈ રહે. તે સદ્ગુણની અસર તમારા રૂવે રૂવે વ્યાપી રહેવી જોઇએ. તે પછી આખા દિવસમા તે સદ્ગુણ પ્રમાણે ચાલવાને પ્રયત્ન કરો. દર-રોજના જીવન વ્યવહારમા તે સદ્ગુણ પ્રમાણે તમારૂં વર્તન ચલાવો. રાત્રે સુતી વખતે તમે કેટલા અંશે તે સદ્ગુણને અમલમા મુકવા શક્તિમાન થયા હતા, તેનો વિચાર કરો. તે સદ્ગુણને અમલમા મુકતા શી અડચણો નડી હતી તેનો ખ્યાલ લાવો, તમારી કયા ભૂલ થઈ હતી તે વિચારો, અને મન સાથે તેવી ભૂલ ફરીથી નહિ કરવાનો દૃઢ નિશ્ચય કરો. આ રીતે એક અઠવાડીયુ અથવા ૫દર દિવસ અથવા એક માસ સુધી તે સદ્ગુણ પ્રમાણે ચાલો, તે પછી બીજા સદ્ગુણને હાથમા લ્યો. બીજો સદ્ગુણ જ્યારે અમલમાં મુકતા હો, ત્યારે પ્રથમ સદ્ગુણને વિસરી જવાનો નથી પણ મનમા તે વખતે મુખ્યતા બીજા

સદ્ગુણને આપવી. આ રીતે સદ્ગુણોનું ધ્યાન કરવાથી સારા વિચારોની આકૃતિઓ (thoughtforms) આપણી આસપાસ રમશે. આપણને સારા કામો કરવાને ઉત્તેજન આપશે, અને આપણું મન નિર્મળ શુદ્ધ અને પવિત્ર થશે. આ હેતુથીજ જૈનધર્મમા ચાર ભાવનાઓ અને બાર ભાવનાઓ ભાવવાનું ફરમાવેલુ છે. આવી ભાવનાઓ ભાવવાથી અથવા તો **પ્રેમ, વિવેક, સંતોષ, ક્ષમા, સત્ય, સમભાવ, ઋજુતા, મનની સમાધાનતા** વિગેરે ગુણોનું ક્રમસર ધ્યાન કરવાથી જ્યારે મન નિર્મળ થશે ત્યારે આત્મજ્યોતિને તે દ્વારા પ્રકાશતા વાર પણ લાગશે નહિ અને આત્માની શક્તિઓ ધીમે ધીમે પ્રકટ થવા માડશે.

વ્હાલા બધુઓ ! આ રીતે તમારી જે શક્તિઓ ખીલે, તેનો તમે સદુપયોગ કરતા રહેશો તો ધીમે ધીમે વિશેષ શક્તિઓ ખીલતી જશે, અને છેવટે જે પદ ઉપર તીર્થંકરો અને અર્હતો ઉભેલા છે, તે પદ પામવાને તમે લાયક અધિકારી બનશો. તેવા ઉચ્ચપદને વાસ્તે સર્વે આત્માઓ લાયક બનો અને આત્મબળમા વિશ્વાસ રાખી તે પદ પામવાને વાસ્તે યોગ્ય માર્ગ ગ્રહણ કરતા થાઓ, એવી અંતઃકરણની શુભ ભાવના સાથે આ પ્રસ્તુત લેખ સમાપ્ત કરતા એટલુજ જણાવવાનુ કે —

"Work out your own salvation, for you are a lamp unto yourself."

તમારો મોક્ષ તમે જાતેજ સાધવાને પ્રયત્ન કરો, કારણ કે તમારા આત્માને દીપક તમે પોતેજ છો. પુરૂષાર્થ કરો, અને આ ભવમા નહિ તો આવતા ભવમા જરૂર તમે ઉચ્ચપદ પામશો, અને આ માર્ગે ચાલવાનો જે પળે તમે નિશ્ચય કર્યો તે પળને ધન્યવાદ આપ્યા વિના રહેશો નહિ.

સમાપ્ત.

શ્રીમદ્ બુદ્ધિસાગરજી ગ્રન્થમાળા અવશ્ય વાંચો.

મજકુર ગ્રન્થમાળામા નીચલા ગ્રન્થો પ્રગટ થયેલ છે, જે વાચી મનન કરી, તમારા આત્માને ઉચ્ચ શ્રેણીએ ચઢાવો. ગુરૂશ્રીની લેખનશૈલી–માધ્યસ્થદષ્ટિવાળી હોવાથી, દરેક ધર્માવલબીઓ તેને પ્રેમપૂર્વક વાચે છે. દરેક ગ્રન્થોમા વિશેષે કરીને અધ્યાત્મજ્ઞાન અને તત્વજ્ઞાન સબધી વિવેચન છે.

પત્રવ્યવહાર—મુબાઇ–ચ પાગલી. વ્યવસ્થાપક શ્રી અધ્યાત્મજ્ઞાન પ્રસારકમ ડળ જોગ કરવો.

પુસ્તકોની છપાઇ, બંધાઇ કાગળ વિગેરે સુદર છતા તેની કીંમત ઘણીજ ઓછી રાખવામા આવી છે. કોઈ પણ ગ્રન્થ પ્રકાશક મ ડળ કરતા ઓછામા ઓછી કીંમત રાખવાની પહેલ આ મ ડળેજ કરી છે.

પ્રભાવના, વિદ્યાર્થીઓને ઈનામ અને ભેટ આપનાર માટે વધુ નકલો મંગાવનારને ઓછી કીંમતે આપવામા આવે છે

શ્રીમદ્ બુદ્ધિસાગરજી ગ્રંથમાળામાં પ્રગટ થયેલા ગ્રંથો.

ગ્રન્થાંક.		પૃષ્ઠ.	રૂ. આ. પા.
૦.	ભજન સગ્રહ ભાગ ૧ લો.	૨૦૮	૦—૮—૦
૧	અધ્યાત્મ વ્યાખ્યાનમાળા.	૨૦૬	૦—૪—૦
૨.	ભજનસંગ્રહ ભાગ ૨ જો	૩૩૬	૦—૮—૦
૩.	ભજનસગ્રહ ભાગ ૩ જો.	૨૧૫	૦—૮—૦
૪.	સમાધિ સતકમ્.	૩૪૦	૦—૮—૦
૫	અનુભવ પચ્ચિશી.	૨૪૮	૦—૮—૦
૬.	આત્મપ્રદીપ.	૩૧૫	૦—૮—૦
૭.	ભજનસગ્રહ ભાગ ૪ થો.	૩૦૪	૦—૮—૦
૮	પરમાત્મદર્શન.	૪૩૨	૦-૧૨—૦
૯	પરમાત્મજ્યોતિ	૫૦૦	૦-૧૨—૦

૧૦. તત્ત્વબિંદુ.	૨૩૦	૦—૪—૦
૧૧. ગુણાનુરાગ (આવૃત્તિ બીજી)	૨૪	૦—૧—૦
૧૨–૧૩ ભજનસંગ્રહ ભાગ ૫ મો તથા જ્ઞાનદિપીકા	૧૯૦	૦—૬—૦
૧૪. તીર્થયાત્રાનું વિમાન (આવૃત્તિ બીજી)...	૬૪	૦—૧—૦
૧૫. અધ્યાત્મ ભજનસંગ્રહ.	૧૯૦	૦—૬—૦
૧૬. ગુરૂબોધ	૧૭૨	૦—૪—૦
૧૭. તત્ત્વજ્ઞાનદિપીકા.	૧૨૪	૦—૬—૦
૧૮. ગહુંલીસંગ્રહ.	૧૧૨	૦—૩—૦
૧૯. શ્રાવક ધર્મસ્વરૂપ ભાગ ૧ લો (આવૃત્તિ ત્રીજી)	૪૦	૦—૧—૦
૨૦. ,, ,, ભાગ ૨ જો. (આવૃત્તિ ત્રીજી)	૪૦	૦—૧—૦
૨૧ ભજન પદસંગ્રહ ભાગ ૬ ઠો. ...	૨૦૮	૦—૧૨—૦
૨૨. વચનામૃત.	૩૮૮	૦—૧૪—૦
૨૩. યોગદીપક.	૨૬૮	૦—૧૪—૦
૨૪. જૈન ઐતિહાસિક રાસમાળા.	૪૦૮	૧—૦—૦
૨૫. આનન્દઘન પદસંગ્રહ ભાવાર્થ સહિત. ..	૮૦૮	૨—૦—૦
૨૬. અધ્યાત્મ શાન્તિ (આવૃત્તિ બીજી) ...	૧૩૨	૦—૩—૦
૨૭. કાવ્યસંગ્રહ ભાગ ૭ મો.	૧૫૬	૦—૮—૦
૨૮. જૈનધર્મની પ્રાચીન અને અર્વાચીન સ્થિતિ	૯૬	૦—૨—૦
२९. कुमारपाल चरित्र (हिंदी) ...		**०—६—०**
३०. आत्मशिक्षा.	**६४**	**०—२—०**

ગ્રન્થો નીચલા સ્થળોથી વેચાણ મળશે.

૧. **અમદાવાદ**–જૈન બોર્ડીંગ–ઠે. **નાગોરીશરાહ.**

૨. **મુંબઇ**–મેસર્સ **મેઘજી** હીરજીની કું. ઠે. **પાયધુની.**

૩. ,, શ્રી **અધ્યાત્મજ્ઞાન પ્રસારક મંડળ** ઠે. **ચંપાગલી**

૪. **પુના**–શા. **વીરચંદ** કૃષ્ણાજી–ઠે. વૈતાલપેઠ.

૫. **સુરત**–મી. **જી.** એમ. ગેકટીવાલા ઠે. કેલાપીઠ.

श्री जिनाय नमः

अथ परमानंद पच्चीशी प्रारभ्यते.

परमानंदसंयुक्तं, निर्विकारं निरामयम् ।
ध्यानहीना न पश्यन्ति, निजदेहे व्यवस्थितम् ॥

ધ્યાન ન જાણનારા પુરૂષો પરમ આનંદ યુક્ત, ઇંદ્રિયોના વિકાર વિનાના, મન તથા શરીરના રોગ રહિત અને વળી પોતાના શરીરને વિષે રહેલા પરમાત્માને દેખી શકતા નથી. ૧

अनंतसुख संपन्नं, ज्ञानामृतपयोधरम् ।
अनंतवीर्यसंपन्नं, दर्शनं परमात्मनः ॥ २ ॥

પરમાત્માનું દર્શન અનંત સુખવાળું, જ્ઞાનરૂપ અમૃત (જલ) ને વૃદ્ધિ કરવામાં મેઘ સમાન અને અનત વીર્ય વાળું છે. ૨

निर्विकारं निराहारं, सर्वसंगविवर्जितम् ।
परमानं-संपन्नं, शुद्धचैतन्यलक्षणम् ॥ ३ ॥

ઇંદ્રિયોના વિકાર રહિત, આહાર રહિત, સર્વ સગ રહિત, ઉત્કૃષ્ટ આનંદ યુક્ત અને શુદ્ધ ચૈતન્યના લક્ષણ યુક્ત પરમાત્માનું દર્શન છે. ૩

उत्तमा आत्मचिंता स्यात्, मोहचिंता च मध्यमा ।
अधमा कामचिंता स्यात्, परचिंताधमाधमा ॥४॥

આત્માનો વિચાર તે ઉત્તમ, મોહ (જુદી જુદી વસ્તુઓ ઉપર રાગ કરવાનો) વિચાર તે મધ્યમ, અનેક વસ્તુઓ મેળવવાની ઇચ્છા કરવાની ચિંતા તે અધમ અને આત્મા સિવાય અન્ય વસ્તુની ચિંતા તે અધમાધમ જાણવી. ૪

निर्विकल्पं समुत्पन्नं, ज्ञानमेव सुधारसम् ।
विवेकमंजलिं कृत्वा, तद् पिबंति तपस्विनः ॥५॥

જગતમાં જ્ઞાનરૂપ અમૃતરસ વિકલ્પ રહિત ઉત્પન્ન થયું છે. તેને તપસ્વી પુરૂષો વિવેકરૂપ અંજલી કરીને પાન કરે છે. ૫

सदानंदमयं जीवं, यो जानाति स पंडितः ।
संसेवते निजात्मानं, परमानंदकारणम् ॥ ६ ॥

જે નિરંતર આનંદમય પોતાના આત્માને જાણે છે તેજ જ્ઞાની છે અને તે જ્ઞાની ઉત્કૃષ્ટ આનંદના કારણ એવા પોતાના આત્માની સારી રીતે સેવા કરે છે. ૬

नलिन्यां च यथा नीरं, भिन्नं तिष्ठति सर्वदा ।
अयमात्मा स्वभावेन, देहे तिष्ठति निर्मलः ॥७॥

જેમ કમલમાં જલ હમેશાં જુદુ જ રહે છે તેમ નિર્મલ એવો આત્મા સ્વભાવે કરીને દેહમાં રહ્યા છતાં જુદો છે. ૭

द्रव्यकर्मविनिर्मुक्तं, भावकर्मविवर्जितम् ।
नोकर्मरहितं विद्धि, निश्चयेन चिदात्मकम् ॥८॥

આઠ કર્મરૂપ દ્રવ્ય કર્મથી જુદો, રાગ દ્વેષરૂપ ભાવકર્મથી જુદો અને શરીરરૂપનોકર્મથી જુદો ચૈતન્ય રૂપ આત્માને નિશ્ચયથી જાણવો. ૮

आनंदं ब्रह्मणोरूप, निजदेहे व्यवस्थितम् ।
ध्यानहीना न पश्यंति, जात्यंधा इव भास्करम्॥९॥

જેમ જન્મથી આંધળા માણસો સૂર્યને જોઇ શકતા નથી તેમ ધ્યાન રહિત માણસો પોતાનાજ શરીરની અંદર રહેલા આનંદમય બ્રહ્મરૂપને જોઇ શકતા નથી. ૯

तद् ध्यानं क्रियते भव्यं, मनो येन विलीयते ।
तत्क्षणं पश्यति शुद्धं, चिच्चमत्कारलक्षणम् ॥१०॥

તેજ પ્રકારે ધ્યાન કરવું જોઇએ કે જેથી મન લય પામી જાય અને તુરતજ જ્ઞાને કરી ચમત્કારી લક્ષણવાળા શુદ્ધ પરમાત્માનાં દર્શન થાય. ૧૦

ये धर्मलीना मुनयः प्रधानाः,
ते दुःखहीना नियतं भवंति ।
संप्राप्य शीघ्रं परमात्मतत्वं,
व्रजंति मोक्षं क्षणमेकमध्ये ॥ ११ ॥

જે ઉત્તમ મુનિઓ ધર્મમાં લીન છે તેઓ નિશ્ચે દુઃખથી મુકાઇ જાય છે. અને તુરત પરમાત્માના તત્વને પામીને એક ક્ષણમાં મોક્ષને પામે છે. ૧૧

आनंदरूपं परमात्मतत्वं,
समस्तसंकल्पविकल्पमुक्तम् ।
स्वभावलीना निवसन्ति नित्यं,
जानंति योगिस्वयमेवतत्वम् ॥ १२ ॥

પોતાના જ્ઞાનાનંદ સ્વભાવમાં લીન થયેલા પુરૂષો સર્વ પ્રકારના સંકલ્પ વિકલ્પથી મુક્ત થયેલા અને આનંદરૂપ પરમાત્માના તત્વને વિષેજ નિત્ય નિવાસ કરે છે અને તે તત્વને યોગી પુરૂષોજ જાણે છે. ૧૨

सदानंदमयं शुद्धं निराकारं निरामयम् ।
अनंतसुखसंपन्नं सर्वसंगविवर्जितम् ॥ १३ ॥

તે પરમાત્માનું તત્વ નિરંતર આનંદમય, શુદ્ધ, આકૃતિ રહિત, કર્મરૂપ રોગ રહિત, અનંત સુખ સહિત અને સર્વસંગ વર્જિત છે ૧૩

लोकमात्र प्रमाणेऽहं, निश्चयेन न संशयः ।
व्यवहारे देहमात्रः, कथितः परमेश्वरः ॥ १४ ॥

પરમેશ્વર નિશ્ચય નયે કરીને લોક માત્ર પ્રમાણ (સર્વ વ્યાપી) છે. અને વ્યવહાર નયે કરીને શરીર માત્ર પ્રમાણ છે. એ સંશય રહિત છે. ૧૪

यत्क्षणं पश्यति शुद्धं, तत्क्षणं गतविभ्रमम् ।
सुस्थं चित्तास्थिरीभूतं, निर्विकल्पं समाधिना ॥१५॥

જે ક્ષણે શુદ્ધ આત્માને જુએ છે તેજ ક્ષણે વિભ્રમ રહિત, શાંત, સ્થિર ચિત્તવાળો અને સમાધિથી વિકલ્પ રહિત થાય છે. ૧૫

स एव परमं ब्रह्म, स एव निजपुंगवः ।
स एव परमं चित्तं, स एव परमो गुरुः ॥१६॥

એ પ્રમાણે જે આત્મા તેજ પરમ બ્રહ્મરૂપ, તેજ પોતાનામાં ઉત્તમ, તેજ ઉત્કૃષ્ટ ચૈતન્ય રૂપ અને તેજ ઉત્તમ ગુરૂરૂપ છે. ૧૬

स एव परमं ज्योतिः स एव परमं तपः ।
स एव परमं ध्यानं, स एव परमात्मकः ॥१७॥

તેજ પરમ તેજ રૂપ, તેજ ઉત્કૃષ્ટ તપરૂપ, તેજ ધ્યાનરૂપ અને તેજ પરમાત્મા રૂપ છે. ૧૭

स एव सर्व कल्याणं, स एव सुखभाजनम् ।
स एव शुद्धचिद्रुपं, स एव परमः शिवः ॥१८॥

તેજ સર્વનું કલ્યાણ, તેજ સુખનુ પાત્ર, તેજ શુદ્ધ ચૈતન્ય રૂપ અને તેજ ઉત્તમ કલ્યાણકારી છે. ૧૮

स एव परमानंदं, स एव सुखदायकः ।
स एव परचेतन्यं, स एव गुणसागरः ॥ १९॥

તેજ પરમઆનંદ રૂપ, તેજ સુખ આપનાર, તેજ ઉત્કૃષ્ટ ચૈતન્ય રૂપ અને તેજ ગુણ સમુદ્ર છે. ૧૯

परमाह्लादसंपन्नं, रागद्वेषविवर्जितम् ।
स अहं देहमध्येषु, यो जानाति स पंडितः ॥२०॥

ઉત્કૃષ્ટ પ્રમોદે કરીને સહિત અને રાગદ્વેષ રહિત એવો તે હું સર્વ શરીરને વિષે રહ્યો છું. તેને જે જાણે છે તેજ જ્ઞાની છે.૨૦

आकाररहितं शुद्धं स्वस्वरूपे व्यवस्थितम् ।
सिद्धावष्टगुणोपेतं, निर्विकारं निरामयम् ॥२१॥

આકૃતિ રહિત, શુદ્ધ પોત પોતાના સ્વરૂપમાં રહેલા, સિદ્ધિના આઠ ગુણ યુક્ત, ઇંદ્રિયોના વિકાર રહિત અને રોગ રહિત. ૨૧

तत्सदृसं निजात्मानं, परमानंदकारणम् ।
संसेवंते निजात्मानं यो जानाति स पंडितः॥२२॥

તે પૂર્વે કહેલા સમાન અને પરમ આનંદના કારણરૂપ પોતાના આત્માને જે સારી રીતે જાણે છે અને સેવે છે તે પંડિત છે. ૨૨

पाषाणेषु यथा हेम, दुग्धमध्ये तथा घृतम् ।
तिलमध्ये यथा तैलं, देह मध्ये तथा शिवः॥२३॥

જેમ પથ્થરમાં સોનું, દુધમાં ઘી અને તલમાં તેલ રહે છે તેમ શરીરની અંદર આત્મા રહેલો છે. ૨૩

काष्टमध्ये यथावन्हिः शक्तिरूपेण तिष्टति।
अयमात्मस्वभावेन, देहे तिष्टति निर्मलः ॥२४॥

જેમ સ્વાભાવિક લાકડાંની અંદર શક્તિરૂપે અગ્નિ રહે છે તેમ શરીરની અંદર પોતાના સ્વભાવે કરીને નિર્મળ એવો આત્મા રહે છે. ૨૪

अव्रतानि परित्यज्य, व्रतेषु परिनिष्टितः।
त्यजेत्तानपि संप्राप्य, परमंपदमात्मनः ॥ २५ ॥

અવ્રતોને ત્યજી દઇ વ્રતને વિષે રહેલો પુરૂષ આત્માના પરમપદને પામીને તે વ્રતોને પણ ત્યજી દે છે. ૨૫

इति परमानंद पच्चीशी संपूर्णा.

चोवीश जिनेश्वरना छंद

दुहा.

આર્યા બ્રહ્મસુતા ગીરવાણી, સુમતી વિમલ આપો બ્રહ્માણી,
કમલ કમંડલ પુસ્તક પાણી, હુ પ્રણમુ જોડી જુગ પાણી. ૧
ચોવીસે જીનવર તણા, છંદ રચૂં ચોસાલ,
ભણતાં શિવસુખ સંપજે, સુણતાં મંગલ માલ. ૨

छंद जाति सवैया.

આદિ જીણંદ નમે નરઈંદ સપુનમચંદ સમાન મુખં,
સમા મૃત કંદ ટાલે ભવફંદ મરૂદેવીનંદ કરત સુખં,
લગે જસ પાય સુરિંદ નિકાય ભલા ગુણ ગાય ભવિકજનં,
કંચન કાય નહિ જસ માય નમે સુખ થાય શ્રી આદિજિનં ૧
અજિતજિણંદ દયાલ મયાલ વિસાલ નયન ક્રપાલ જુગં,
અનોપમ ગાલ મહામૃગ ચાલ સુભાલ સુજાનગ બાહુ જુગં,
મનુષ્ય મેલીહ મુનિસરસીંહ અબીહ નરીહ ગયે મુગતી,
કહે નય ચિત્ત ધરી બહુ ભક્તિ નમે જીનનાથ ભલી જુગતી. ૨
કહે સંભવનાથ અનાથંકો નાથ મુગતિકો સાથ મિલ્યો પ્રભુ મેરો,
ભવોદધિપાજ ગરિબનિવાજ સબે શિરતાજ નિવારત ફેરો,
જિતારીકો જાત સુસેના માત નમે નર જાત મિલી બહુ ઘેરો,
કહે નય સુધ ધરિ બહુ બુદ્ધ જિનાવન નાથકું સેવક તેરો. ૩
અભિનંદન સ્વામ લિધે જશ નામ સરે સવિ કામ ભવિક તણો,
વનિતા જસ ગામ નિવાસંકો ઠામ કરે ગુણ ગ્રામ નરિંદ ઘણો,
મુનીશ્વર રૂપ અનોપમ ભૂપ અકલ સ્વરૂપ જીનંદ તણો,
કહે નય ખેમ ધરી બહુ પ્રેમ નમે નરપાવત સુખ ઘણો. ૪
મેઘ નરિંદ મલાર વિરાજીત સોવનવાંન સમાન તનુ,
ચંદ સુચંદ વદન સુહાવત રૂપવિગર્જિત કીમતનુ,
કર્મકી કોડ સવે દુઃખ છોડ નમે કરજોડ કરિ ભગતિ,
વંશ ઈક્ષ્યાગ વિભુષણ સાહિબ સુમતિજીનંદ ગએ મુગતી. ૫

હંસપાદ તુલ્ય રંગ રતિ અર્ધ રાગરંગ અઢીસે ધનુષ ચંગ
દેહકો પ્રમાણ હે,

ઉગતો દિણંદ રંગ લાલકેસુ ફુલ રંગ રૂપ હે અનગ ભગ અંગ કેરો વાન હે; ગંગકો તરંગ રંગ દેવનાથહિ અભંગ જ્ઞાનકો વિસાલ રંગ સુધ જાકો ધ્યાન હે, નિવારીએ કલેશ સંગ પદ્મપ્રભુસ્વામિ ધીંગ દિજિએ સુમતિ સગ પદ્મકેરો જાણ હે. ૬ જીણંદ સુપાસ તણા ગુણ રાસ ગાવે ભવિ ભાસ આણદ ઘણે, ગમે ભવિપાસ મહિમા નિવાસ પૂરે સવિ આસ કુમતિ હણે, ચીંહુ દિસે વાસ સુગંધ સુવાસ ઉસાસ ની સાસ જીનેદ્ર તણો, કહે નય ખાસ મુનિંદ્ર સુપાસ તણો જસવાસ સદૈવ ભણો. ૭ ચંદ્ર ચંદ્રીકા સમાન રૂપ સેલસે સમાંન દોઢસો ધનુષમાન દેહકો પ્રમાણ હે, ચંદ્રપ્રભુ સ્વામી નામ લીજીયે પ્રભાત જામ પામીયે સુખ ઠામ ઠામ ગામજ સમાન હે, મહાસેન અગજાત લક્ષ્મણાભિધાન માત જગમા સુવાસવાત ચિહું દિસે થાત હે, કહે નય છોડી તાત ધ્યાઇયે જો દિનરાત પામીયે તો સુખ સાત દુઃખકો મીજાત હે. ૮ ઢોલો દુધફેન પીંડ ઉજલો કપુરખંડ અમૃત સરસ કુંડ સુધ જાકો તુડ હે, સુધાવી જીનદ સંત કીજીયે કર્મ અત શુભ ભક્તિ જાસદત સ્વેત જાકો વાણ હે, કહે નય સુણો સત પૂજીયે જો પુષ્પદત પામીયે તો સુખસંત સુદ્ધ જાકો ધ્યાન હે. ૯ સીતલ સીતલ વાણી ઘનાઘન ચાહેત હે ભવિકોકકિ સોરા, કાક જીણંદ પ્રજાસુ નરીંદ વલી જીમ ચા-

હત ચંદ ચકોરા; વિધ ગયંદ સુચિ સુરિંદ સતિ નિજકંત સુ-
મેઘ મયુરા, કહે નય નેહ ધરી ગુણ ગેહ તથા હુ ધાવત સાહેબ
મેરા. ૧૦ વિષ્ણુ ભુપકો મલ્હાર જગ જંતુ સુખકાર વંશકો
સ્ંગારહાર રૂપકે અંગાર હે, છોડી સવિ ચિત્તકાર માન મોહકો
વિકાર કામ ક્રોધકો સચાર સર્વ વેરી વાર હે, આદર્યો સંજમ-
ભાર પંચ મહાવ્રત સાર ઉતારે સસારપાર જ્ઞાનકો ભડાર હે,
ઇગ્યારમો જીણંદ સાર ખડગીજીવ ચિત્તધાર કહે નય વારોવાર
મોક્ષકો દાતાર હે. ૧૧ લાલ કેસુ ફુલ લાલ રતિ અર્ધ રંગ
લાલ ઉગતો દિણંદ લાલ લાલચોલ રંગ હે, કેસરીકી જીહ
લાલ કેસરકો ઘોલ લાલ ચૂનડીકો રંગ લાલ લાલ પાન રંગ
હે, લાલ કીરચચૂ લાલ હીંગલો પ્રવાલ લાલ કોકિલાકી દ્રષ્ટી
લાલ લાલ ધમ રગ હે, કહે નય તેમ લાલ બારમો જીણંદ
લાલ જયાદેવિ માત લાલ લાલ જાકો અંગહે. ૧૨ કૃતવર્મ નિ-
રદ તણો એહ નદ નૃમત સુરેંદ પ્રમોદ ધરી, ગમે દુઃખ દંદ
દીયે સુખવૃંદ જાકો પદ સોહત ચિત્ત ધરી, વિમલ જીનંદ
પ્રસન્ન વદન જાકે સુભ મન્ન સુગંગ પરિ, ણમે એક મન્ન કહે
નવ ધન્ય નમો જીનરાજ દિણદ સૂપ્રીત ધરી. ૧૩ અનંત
જીણદ દેવ દેવમાં દેવાદિ દેવ પૂજો ભવી નીતમેવ ધરી બહુ
ભાવના, સુરનર સારે સેવ સુખકીઓ સ્વામી હેવ તુજ પીખે
ઓર દેવ ન કરૂં હું સેવના, સીહસેન અગ જાત સુજસભિ-
ધાન માત જગમાં સુજસ ક્ષ્યાત ચીહુ દિશે વ્યાપતો, કહે નય

તાસ વાત કીજીએ જો સુપ્રભાત નિજ હોઈ સુખ સાત કીર્તિ કોડ આપતો. ૧૪ જાકે પ્રતાપ પરાજીત નિરબલ ભુતલ થઇ ભમે ભાનુ આકાસે, સૌમ્ય વંદન વિનિર્જિત અંતર સ્યામ વાસીવેન હોત પ્રકાસે, ભાનું મહિપતિ વસે કુસય બોધ ન દીપત ભાનુપ્રકાસે, નમે નય નેહ નિતુસાહિબએહ ધર્મ જીણદ ત્રિજગ પ્રકાસે. ૧૫ સોલમા જીણદ નામે સાંતિ હોય ઠામો ઠામે સિદ્ધિ હોઈ સર્વ કામે નામ કે પ્રભાવથે, કચન સમાન વાન ચાલીસ ધનુષ માન ચક્ર પ્રતિકો ભિધાન દીપતો તેસૂરથો; ચૌદ રયણ સમાન દીપતા નવય નિધાન કરત સુરેદ્ર ગાન પુણ્ય કે પ્રભાવથે, કહે નય જોડી હાથ અબહુ થયો સનાથ પાઇઓ સૂમતી સાથ સાંતિનાથકે દિદારથે. ૧૬ કહે કુથુ જિણંદ દયાલ મયાલ નિધિ સેવકની અરદાસ સૂણો, ભવ ભીમ મહાર્ણવ પૂર અગાહ અથાહ ઉપાધિ સુનીર ઘણો, બહુ જન્મ જરા મરણાદિ વિભાવ નિમિસ ઘણાદિ કલેસ ઘણો, અવતાર કતાર કિપા પરસાહિબ સેવક જાણીએ છે અપણો. ૧૭ અરદેવ સુદેવ કરે નર સેવ સવિ દુઃખ દોહગ દુર કરે, ઉપદેસ ઘનાઘનનીરભરે ભવિ માન સમાનસ ભૂરીતરે, સુદર્શન નામ નરેસર અગજ ભવ્યમને પ્રભૂ જાસ વસે, તસ સકત સોગ વિયોગ યોગ દરિદ્ર કુસગતિ ન આવત પાસે. ૧૮ નીલ કીર વરવી નીલ માંગવલિપત્ર નીલ તરૂવર રાજી નીલ નીલ નીલદ્રાખ હે, કાચકો સુગોલ નીલ ઇંદ્રનીલ રત્નનીલ પત્રનીલ-

ચાસ હે, જમુના પ્રવાહનીલ ભ્રંગરાજ પંખી નીલ જેહવો અસોક રૂંખ નીલ નીલ રંગ હે, કહે નય તેમ નીલ રાગથે અતિવ નીલ મલ્લીનાથ દેવનીલ જાકો અંગ નીલહે. ૧૯ સુમિત્ર નરીંદ તણો વરનંદ સુચંદ્ર વદંન સોહાવત હે, મંદર ધીર સવેન રહીર સુસામ સરીર બિરાજીત હે, કજ્જલવાંન સુક છપયાન કરે ગુણગાન નરિંદ ઘણો, મુનિ સુવ્રત સ્વામી તણો અભિધાન લહે નય માંન આનંદ ઘણો. ૨૦ અરીહંત સરૂપ અનોપમ રૂપ કે સેવક દુઃખને દુર કરે, નિજ વાણી સુધારસ મેઘ જલે ભવીમાન સમાન સભૂરીરે, નમી નાથકો દર્શન સાર લહી કુણ વિષ્ણુ મહેસ ધરે જો પરે, અબ માનવ મુઢ લહિ કુંણ સક્કર છોડકે કકર હાથ ધરે. ૨૧ જાદવ વંશ વિભુષણ સાહિબ નેમિ જીણંદ મહાનંદકારી, સમુદ્ર વિજય નરિંદ તણો સુતઉજ્જલ સખ સુલક્ષણ ધારી, રાજૂલ નાર મુકી નિરધાર ગયે ગિરનાર કલેસ નિવારી, કજલ કાય સિવા દેવી માય નમે નય પાય મહાવ્રતધારી ૨૨ પ્રાર્શ્વનાથ અનાથકો નાથ સનાથ ભયો પ્રભુ દેખત થે,સવિ રોગ વિજોગ કુજોગ મહા દુંખ દુર ગએ પ્રભુ ધાવતથે, અશ્વસેન નરેસ સપુતવિરાજીત ધનાધનવાન સમાનતનું, નય સેવક વછીત પૂરણ સાહિબ અભિનવકાંમ કરિ રમનુ. ૨૩ કુકમઠ કુલઠ ઉલંઠહઠી હઠ ભજન જાસ પ્રતાપ વિરાજે, ચદન વાણી સૂવામા નંદન પુરૂષાદાણી બિરૂદ જસ છાજે, જસ નામ કે ધ્યાન થકો સવિ દોહગ દારિદ્ર

દુ:ખ મહા સવિ ભાંજે, નય સેવક વંછિત પૂરણ સાહિબ અષ્ટ-મહા સિદ્ધિ નિત્ય નીવાજે. ૨૪ સિધારથ ભુપ તણા પ્રતિરૂપ નમે નર ભૂપ આનંદ ધરી, અચિંત્ય સરૂપ અનોપમ રૂપ કે લંછન સોહત જાસ હરી, તિસલા નદન સમદ્ર મ કદન લઘુ-પણે કપિત મેરૂ ગિરિ, નમે નય ચદ વદન વિરાજીત વીર જીણંદ સુપ્રીત ધરી. ૨૫ ચોવીસ જીનંદ તનાં ઈહ છદ ભણે ભવિવંદ જે ભાવ ધરી, ત... રોગ વિયોગકુ જોગ ભોગ સવિ દુઃખ દોહગ દુર ટરે, તસ ...ગણ બાર ન લાભે પાર સુમતિ તોખાર હેખાર કરે કહેનય ... સુમ ગલ ચાર ધતે તસ સંપદ ભૂરીભરે. ૨૬ સવેગી સા... ભૂષન વંસ વિરાજીત શ્રી નય વિમલ જનાનંદકારી, તસ ...વક સ જમધાર સુધારકે ધીર વિમલ ગણી જયકારી, તાસદાં બુજ ભ્ર ગસમાન શ્રીનયવિમલ મહાવ્રત ધારી કહે એ છદ સુણો ભવિવ દકે ભાવ ધરીને ભણો નરનારી.

॥ अथ श्री ज्ञानपंचमीनी ढालो लीख्यते ॥

॥ ढाल ॥

જાલમ જોગીડારે, એ દેશી,

શ્રી વાસૂપુજ જીનેસર વયણથીરેં, રૂપ કુભ કંચન કુભ મુનિહોય,
રોહિણી મ દીર સુંદીર આવીયારે, નમીભવ પુછે દપત્તિ સોય. ૧
ચઉનાણિ વયણેરે દંપતિ મોહીયાંરે, એ આંકણિ,
રાજા રાણિ નીજ સુત આઠનોરે, તપ ફલનીજ ભવ ધારી સબંધ;

વિનય કરી પુછે માહારાજનેરે, ચાર સૂતાના ભવ પરબંધ. ચ૦ ૨
રૂપવંતિ શીયળવંતિને ગુણવંતિરે, સરખતી જ્ઞાનકલા ભંડાર;
જન્મથી રોગ સોગ દિઠો નથીરે, કુંણ પુંન્યે લીધો એહ અવતાર.૩

॥ ઢાલ ૧ લી. ॥

વાલાજી વાઇછે વાંશલીરે એ દેશી.
ગુરૂ કહે વઈતાઢય ગીરીવરૂરે, પુત્રી વિદ્યાધરી ચાર,
નિજ આયુ જ્ઞાનીને પુછીયોરે, કરવા સફલ અવતાર. ૧
અવધારો અમ વીનતિરે, એ આંકણી.
ગુરૂ કહે જ્ઞાન ઉપયોગથીરે, એક દિવસનું આયુ,
એહવાં વચન શ્રવણે સૂણ્યાંરે, મનમાં વીમાસણ થાએ. અ૦ ૨
થોડામાં કારજ ધર્મનાંરે, કીમ કરીએ મુનિરાજ,
ગુરૂ કહે જોગ અસખ્ય છેરે, જ્ઞાનપચમી તુમકાજ. અ૦ ૩
ખીણ આરાધ્યે સવી અઘ ટલેરે, સૂત્ર પરિણામે સાધ્ય,
કલ્યાણક નવ જીન તણાંરે, પચમી દિવસે આરાધ. અ૦ ૪

॥ ઢાલ ૨ જી. ॥

જઇને કેજો એ દેશી.
ચઈતર વદી પંચમી દીને, સૂણો પ્રાણિરે,
ચવીયા ચંદ્ર પ્રભુ સ્વામી, લહે સૂખ ઠામ, સૂણ પ્રાણિજીરે. ૧
એ આંકણિ.

અજીત સંભવ અનંતજી, સૂ૦ પંચમી સુદી શિવ ધામ,
સૂભ પરીણામ. સૂ૦ ૧
વઈશાક શુદિ પંચમીદીને, સૂ૦ સંજમ લિઉં કૂંથૂંનાથ,
બહૂ નર સાથ, સૂ૦ જેષ્ટ શુદિ પંચમી વાસરે. સૂ૦
સૂગતિ પામ્યા ધર્મનાથ, શીવપૂરિ સાથ. સૂ૦ ૨
શ્રાવણ શુદિ પંચમી દીને, સૂ૦ જનમ્યા નેમ સૂરંગ,
અતિ ઉછરંગ સૂ૦ માગશર વદ પંચમી દીને સૂ૦
સુવિધિ જન્મ શુભ સગ, પુન્ય અભંગ. સૂ૦ ૩
કાર્તિક વદ પંચમી તિથી, સૂ૦ સભવ કેવલ જ્ઞાન,
કરો બહૂ માન, સૂ૦ દશ ક્ષેત્રે નેઉ [illegible]ના, સૂ૦
પંચમી દિનનાં કલ્યાણ, સૂ[illegible] [illegible] ૪

॥ ઢ[illegible] ॥

હારે મારે જોબનિયા, એ દ

હારે મારે જ્ઞાની ગુરૂનાં, વયણું સુણિ હીતકારજો,
ચાર વીધા ધરી પંચમી વિધી શું આદરેરે લોલ. ૧
એ આંકણી.

હારે મારે શાસન દેવતા પચમ જ્ઞાન મનોહારજો,
ટાળીરે આશાતના દેવ વંદન સદારે લોલ. ૨
હારેમરે તપ પૂરણથી, ઉજમણાનો ભાવજો,
એહવે વીધૂત યોગે, સુરપદવી વર્યારે લોલ. ૩

હારેમારે ધર્મ મનોરથ આલશ તજતાં હોયજો,
ધન્ય તે આજત અવીલંબી કારજ કર્યાંરે લોલ, ૪
હારેમારે દેવ થકિ તુમ કુખે લિયો અવતાર જો,
સાંભળ રોહણિ જ્ઞાન આરાધન ફલ ઘણાંરે લોલ. ૫
હારે મારે ચ્યારે ચતુરા વીનય વીવેક વીચારજો,
ગુણ કહેતાં ઓલખાઇ તુમ પુત્રી તણાંરે લોલ. ૬

॥ ઢાલ ૪ થી. ॥

આસણનારે જોગી, એ ?
જ્ઞાનીરે વચણથી ˉ ་તિસમરણ પામ્યારે,
જ્ઞાની ગુણવ તા, ૃ કીધી,
સિધ્યાં મનનાં કાંમોરે, ་ ૧
એ આંકણી.

શ્રી જીનમ દિર પંચ મનોહાર, પ ચવરણ જીન પડીમારે. જ્ઞા૦
જીનવર આગમનેં અનુસારે, કરીએ ઉજમણાં મહીમારે. જ્ઞા૦ ૨
પ ચમી આરાધન તિથી પંચમી, કેવલનાણ તે થાએરે, જ્ઞા૦
શ્રી વીજયલક્ષ્મીસૂરીઅનુભવ નાણેં, સંઘ શયલસૂખદાયારે જ્ઞા૦ ૩
ઇતી પંચમી તપ સ્તવન ઢાલો સંપૂર્ણ.

તૈયાર છે ! ૮૦૦ પાનાનો મહાન ગ્રંથ ! ! તૈયાર છે ! ! !

આનન્દ ઘનપદ ભાવાર્થ સંગ્રહ.

વેચાણ માટે બહુજ થોડી નકલો છે અને ગ્રાહકોની માગણી એકસરખી ચાલુજ છે; માટે આજેજ ખરીદો.

જો તમો ઐહિક તેમજ પારલૌકિક સુખની ઇચ્છા રાખતા હો અને તમારે મહાત્મા આનન્દઘનજીનાં બનાવેલાં અધ્યાત્મજ્ઞાનના પદોનું ગુપ્ત રહસ્ય સમજવું હોય તો ઉપરનો ગ્રન્થ વાંચો.

આ ગ્રન્થમાં શ્રીમદ્ [illegible] નન્દઘનજ [illegible] અધ્યાત્મિ
ઉત્તમ રહસ્યવાળાં ૧૦૮ [illegible] કે જે
નુષ્યોની તીવ્ર જીજ્ઞાસા હ[illegible] તે
શ્રીમદ્ બુદ્ધિસાગરજીએ વિસ્ત
છે. તે સાથે શ્રીમદ્‌નુ ચ
ખલ કરેલુ છે.

[illegible]પાટલી બધી ગ્રં
કિંમત માત્ર રૂ. ૨—૦—

પૂજ્ય [illegible]
આત્મશિ[illegible]
જીવ [illegible]
તે [illegible]
ર

શ્રી અધ્યાત્મ જ્ઞાનપ્રસારક મંડળ.

આ મંડળની સ્થાપના નીચેના શુભ નિમથી કરવામાં
તેના અધિષ્ટાતા વિદ્વાન યોગનિષ્ઠ મુનિમહારાજ શ્રીમદ્
સૂરિજી છે કે જેઓની વિદ્વતા, લેખનકળા, કાવ્યશૈલી
તિ અપ્રતિમ સેવાથી અત્યારે જૈન કોમમાં તેમજ સ
ભાગ્યેજ અજાણ હશે. તેઓશ્રીની કૃતિનાં પુ
થોની મેળવી છપાવવાં અને તે
રા ...જુરથી તેનો ફે
બને તેમ વિસ્તૃત
ચારવિચારો, ઐતિહાસિક
ને કોઇ પણ ધર્મને બાધ
ધર્મનું નિષ્પક્ષપાત
ઉચ્ચતા સિદ્ધ કરવી
લાવવા એજ ઉચ્ચ
ઉક્ત પૂજ્યશ્રીની કૃતિના
જેમ સદ્‌ગૃહસ્થોની
તિમ ઉદ્દેશ છે.
કેવા ઉત્તમ
રા. રા.
જરૂર